

॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન બિન. પરીખ

વર્ષ ૪ ] જુલાઈ ૧૯૮૫ [ અંક ૩

Scanned by CamScanner

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ – ૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.

(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.

(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.

(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.

(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
કે. એન. પરીખ
એદનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૬૭૯૯૭

□

Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૪ ] • જુલાઈ : ૧૯૮૫ • [ અંક ૩ જો

## અનુક્રમણિકા


૧. દુઃખિયાનો બેલી ... સન્ત શ્રી 'પુનિત' ... ૩
૨. એકધારી ભક્તિથી નિષ્ફળ જીવનમાં
   નૂતન પ્રેરણાનો પ્રકાશ પ્રકટી ઊઠે છે! ... ૧૫
૩. પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... ... ૧૭
૪. 'મધુર શંકા' (કાવ્ય) ... "મુંજાલ" ૧૯
૫. સ્વયં સ્ફુરણાની સફળતા ... ... ૨૦
૬. જ્ઞાનગોષ્ઠિ ... ... ૨૧
૭. અવલંબન ભગવાનનું ... ડૉ. કાન્તિલાલ કાલાણી ૨૩
૮. આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં ... ૨૭
૯. સમાચાર ... ... ... ૨૯


□

## દિવ્ય જન્મદિન

તા. ૭-૯-૮૫, શનિવાર, જન્માષ્ટમીના દિવસે પૂજ્ય ગુરુદેવનો જન્મદિવસ છે. કુટીરમાં સવારે ૧૦થી રાત્રે ૧૨ સુધી પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.

### પંચકૂંડી ગાયત્રી મહાયજ્ઞ

પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં શ્રાવણ સુદ ૧૦ને તા. ૨૫-૮-૮૫ને રવિવારના રોજ 'પંચકૂંડી ગાયત્રી મહાયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું છે. માહિતી માટે સંપર્ક સાધો :

૧. શ્રી ભગવાનદાસ ભૂખણદાસ જરીવાલા,
સગરામપૂરા, મેઈન રોડ, સૂરત
ફોન : ફેક્ટરી : ૩૪૦૬૬ અને ૩૪૦૬૭ * ઘરનો ૨૪૮૮૯

૨. ડૉ. જયન્ત ફેબ્રીક્સ,
ફેક્ટરી : પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા, ઉધના રોડ, સૂરત
ફોન : ૩૭૦૦૪ * રહેઠાણ : ૯/૫૬૮, કોટસફીલ રોડ,
સૂરત * ફોન : ૩૬૫૦૫


આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

□

વાર્ષિક લવાજમ
રૂપિયા દશ

□

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦૦૧૬

□

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ,
અમદાવાદ–૩૮૦૦૦૧


Scanned by CamScanner



આધ્યાત્મિક કેડી
જુલાઈ : ૧૯૮૫

# દુઃખિયાનો બેલી

સન્ત શ્રી 'પુનિત'

[ ગમે તેવી આપત્તિઓના સમયમાં પણ જે ઈશ્વરનું શરણું છોડતો નથી તેના પર ઈશ્વરની કેટલી હદ સુધી કૃપા ઊતરે છે તે હકીકતના નિદર્શન માટે સંત શ્રી 'પુનિતે' જનકલ્યાણમાં આલેખેલ પ્રસ્તુત પ્રસંગ 'આધ્યાત્મિક કેડી'ના સ્થળફલકને લક્ષમાં રાખી સંક્ષેપમાં સાભાર અત્રે આપ્યો છે. આશા છે કે વાચકોને-ઉપાસકોને એમાંથી યત્કિંચિત્ નૂતન પ્રેરણા ને શ્રદ્ધા પ્રાપ્ત થશે. —સંપાદક

*

'બેટા દામા! હવે ક્યાં સુધી રડ રડ કરીશ? ચાલ, મોં-બો ધોઈ નાખ. કોળિયો-બે કોળિયા જે ઇચ્છા હોય તે ખાઈ લે. 'ભગવાનના ઘરનું તેડું' આવે એને કોણ પાછું ઠેલી શકે છે?' એક ભલા પડોશીએ સાત વરસના દામાને કહ્યું. માતાનો દુલાર તો એને ક્યારેય જોવા મળ્યો ન હતો. પિતાનો પ્યાર પણ આજે કાળદેવે ઝૂંટવી લીધો. દામાજી સાવ નિરાધાર બની ગયો. બાપનું એક નાનું ખોરડું, 'બે-ચાર ભાંગ્યાં-તૂટ્યાં વાસણકુસણ સિવાય એની પાસે કોઈ માયા મૂડી નહોતી. જીવનગુજારો શી રીતે કરવો એ જ મોટો સવાલ હતો. નાનકડા દામાએ મેલા અંગરખા વડે આંસુ લૂછતાં રડમસ અવાજે કહ્યું : 'કાકા, મા ગઈ, પિતા પણ ગયા, હવે મારું રણીધણી કોણ?

અરે ગાંડા! અમે તો છીએ ને! તું ચિંતા શાની કરે છે! તને એમ હોય તો રોજ મારે ત્યાં જમજે. ચાલ, ઊભો થા. હાથ મોં ધોઈને જમી લે.

દામાજીએ એક-બે કોળિયા ભર્યા ન ભર્યા અને ઊભો થઈ ગયો. 'દુઃખનું ઓસડ દહાડા' એ સનાતન ન્યાયે થોડા સમયમાં એનો શોકભાર હળવો થઈ ગયો. બે-ચાર મહિના તો આડોશી-પાડોશીએ માતાપિતા જેવો સ્વૈચ્છિક સ્નેહ દાખવ્યો, પછી તો એમાં પણ ઓટ આવવા લાગી. જમવા જાય અને પાડોશણ તાડૂકતી : અરે દામલા! આમ રોજ રોજ શું હેંડ્યો આવે છે! આમ આખો દિવસ પડોશીના ઓટલા ભાંગ્યા કરે છે એના કરતાં કંઈ કામધંધો કરતો હોય તો?'

મા! આ નાના મંગળવેઢા ગામમાં કયું કામ મળે?



Scanned by CamScanner

'કામ ન મળે એ તો સમજ્યાં, પણ ભીખ માગતાં ય આવડે છે કે નહિ? બામણનો દીકરો છે. ભીખ માગવામાં વળી શરમ શી? હવે તો સમજણો થવા આવ્યો છે. બે-ચાર ઘેર ફરીને ભીખ માગી લાવે ને તો ય પેટનો ખાડો પુરાઈ જાય. સવારે બે-ચાર ઘેર ફરી આવવાનું. જે કાંઈ મળે એમાંથી રસોઈ કરવાની. બપોરે નિશાળમાં જવાનું. રહેવા માટે તો બાપનું ઘર છે. પછી તારે બીજું જોઈએ શું? આ તો હું તને સાચી સલાહ આપું છું. મારા જેવું સાચું કહેનારું તને કોઈ નહીં મળે. રોજ ને રોજ પડોશીને ત્યાં ખાવામાં મજા નહીં. આજે તો મારે ત્યાં જમી લે. કાલથી મેં કહ્યું તેમ કરજે, શું સમજ્યો!' એમ કહીને પડોશણે થાળી પીરસી. પણ એ દિવસે દામાજીને જમવામાં રસ રહ્યો નહીં. બે-ચાર કોળિયા ભર્યા ન ભર્યા અને એ ઊભો થઈ ગયો.

આજે નાનકડા દામાના અંતરમાં મોટું ઘમસાણ ચાલી રહ્યું છે. આ જગતમાં મારું બેલી કોણ?

જ્યાં નજર નાખે ત્યાં બસ સ્વાર્થની જ છાયા હતી: 'રુક્ષ્મણી બા ભલાં હતાં. જમાડતાં પણ હતાં પણ બદલામાં સવારથી તે સાંજ સુધી ઘરનું વૈતરું ય કુટાવતાં. જો કોઈ દિવસ અભ્યાસ માટે શાળામાં મોડું થઈ જાય તો જમવાનું પણ કહેતાં નહિ. જે દિવસે કામ કરું નહિ એ દિવસે ખાવા પણ મળતું નહિ. બસ, સ્વાર્થનાં જ સગાં છે!' એ દિવસે એના મનમાં વિચારોની પરંપરા ચાલી.

ત્યાં તો ફળીમાંથી મધુર સૂર સંભળાયો. નાનકડા દામાનું ધ્યાન એ તરફ ખેંચાયું. એક ભક્ત હાથમાં એકતારો લઈને પ્રેમથી અભંગો ગાઈ રહ્યા હતા. એની મૂંઝવણનો એમાં ઉકેલ હતો. ભજનિકના શબ્દો અંતરને સ્પર્શવા લાગ્યા.

> જે જન જગમાં નિરાધાર, એનો ઈશ્વર છે આધાર.
> ગરીબનો ઈશ્વર છે બેલી, નિર્ધનનું ધન રામ.
> 'હાશ' કરીને બેસી જાવા બાપાનો મુકામ ....

ભજનિકના ખોળામાં માથું મૂકતાં જ દામાએ પૂછ્યું: 'બાપુ, મને જરા બતાવો તો ખરા, એ બાપાનો મુકામ ક્યાં છે? મારી માતા મરી ગઈ છે. પિતા મરી ગયા છે. આખા જગતમાંથી હડધૂત થઈ રહ્યો છું. 'હાશ' કરીને બેસી શકું એવું સ્થાન ક્યાં છે? મારે તો ત્યાં જવું છે, બાપાને મુકામે!'

ભજનિકે ભલાભોળા દામાજીના માથા ઉપર મમતાળુ હાથ ફેરવીને સ્નેહઝરતા શબ્દોમાં પૂછ્યું: 'બેટા, તારું નામ શું છે?'

'મારું નામ દામાજી ... જાતે બ્રાહ્મણ છું. બાળપણમાં જ મા-બાપની છત્રછાયા ગુમાવી બેઠો છું. આડોશીપાડોશીનાં ટાંપાટૈયાં કરીને પેટનો ખાડો પૂરું છું. તનતોડ કામ કરવા છતાં ય કોઈ પ્રેમથી ખવડાવતું નથી. માતા-પિતાના પ્યારથી હું વંચિત છું. મને બતાવો, કયે સ્થળે માતાપિતા જેવો પ્યાર મળશે? દયાળુ ઈશ્વર ક્યાં રહે છે? મારે એમને ત્યાં જવું છે.'

ભજનિકની આંખ હસી ઊઠી. 'કેવો ભલોભોળો છોકરો છે! હજી એણે ઈશ્વરનું ઘર જોયું નથી. બિચારાને કોણે બતાવ્યું હોય! આને બાપડાને ઈશ્વરની ઓળખ કોણ આપે?'

આ અબુધ બાળકને શો જવાબ આપવો એ એમને ન સમજાયું. જો એમ કહે કે એ તો ઘટઘટનો વ્યાપક છે, તો તરત જ કહે: 'ત્યારે બતાવો, અહીં ક્યાં છે? છે તો પછી દેખાતા કેમ



Scanned by CamScanner

નથી ?' એટલે ખૂબ વિચારીને કહ્યું : 'બેટા દામા! એ તો પંઢરપુરમાં રહે છે. તું ધારે તો ત્યાં જઈ શકે છે. એમનાં દર્શન કરી શકે છે. મનની મૂંઝવણ એમને કહી શકે છે. એ બધી તારી મૂંઝવણોનો અન્ત આણી દેશે.'

નાનકડો દામો ક્યાંય સુધી કંઈક વિચારતો બેસી રહ્યો. ભજનિક તો એકતારા પર ભજન પર ભજન લલકારી રહ્યા હતા. ભાવવાહી ભજનના એક એક શબ્દે દામાજીના પૂર્વજન્મનો સંસ્કાર-પટારો ઊઘડી રહ્યો હતો.

ભક્તિના સંસ્કારો જીવનની કોઈ પુણ્ય પળે જ જાગૃત થાય છે. એક વખત એ સંસ્કાર જાગ્યા પછી આખું જીવન પલટાઈ જાય છે.

ભજનિકે કહ્યું : 'બેટા દામા! હરતાં ફરતાં, ઊઠતાં બેસતાં વહાલા વિઠ્ઠલનું નામ લેજે. મનમાં કાંઈ અકળામણ જેવું લાગે ત્યારે પંઢરપુર જઈ, પંઢરીનાથની મુલાકાત લઈ આવજે. સર્વ મૂંઝવણોના ઉકેલની ચાવી એની પાસે છે.'

દામાજી ભજનિકના એક એક શબ્દને અંતરમાં ઘૂંટતો હતો. રોજ તો પડતાં વેંત ઘસઘસાટ ઊંઘી જતો. આજે એને ઊંઘ આવતી નહોતી. પળે પળે એને એમ થતું કે એ વિઠ્ઠલનાથ કેવો હશે ? હું ત્યાં જાઉં તો મને એ બોલાવશે ખરો ? મારી હૃદયવેદના સાંભળશે ? મને માતાપિતા જેવો પ્યાર આપશે ?

વિચારમાં ને વિચારમાં પરોઢનો કૂકડો બોલ્યો. દામાજી એકદમ બેઠો થઈ ગયો. પથારીમાં ને પથારીમાં પંઢરીનાથને યાદ કર્યા : 'પ્રભુ ! મારે અને તારે કોઈ જાતની ઓળખાણ નથી. પેલા ભગતજીએ કહ્યું અને હું તને મળવા આવું છું. એ કહેતા હતા કે આપ તો અંતર્યામી છો. હું દીન-અબુધ બાળક છું. આપ મને અપનાવશો તો ખરા ને!'

એ પંઢરપુરને પંથે પડયો.

દામાજીને પંઢરીનાથને મળવાની લગન લાગી છે. એ પંઢરપુરને પંથે રગશિયા ગાડાની જેમ ચાલતો નથી. એણે તો જબરી દોટ મૂકી છે. ક્યારે પંઢરપુર આવે ને ક્યારે પંઢરીનાથને મળું ? જીવનમાં જ્યાં સુધી આવી લગની નહિ લાગે ત્યાં સુધી ભગવાનનો ભેટો નહિ થાય.

જોતજોતામાં પંઢરપુર આવી ગયું. દક્ષિણને ગામડેથી ભક્તોનાં ટોળેટોળાં વહાલા વિઠ્ઠલનાં દર્શન કરવા માટે ધસી રહ્યાં હતાં. નાનકડા દામાજીએ એક ભક્તને પૂછ્યું : 'ભાઈ! તમે ક્યાં જાવ છો ?'

'બેટા ! આમ કેમ પૂછે છે ? તું નથી જાણતો ? અમે તો પંઢરીનાથને ભેટવા જઈએ છીએ. ચાલ, તારે આવવું છે ?'

'હા, મારે પણ એમને જ મળવું છે. મળશે ને ?'

'હા, એમાં પૂછવા જેવું શું છે ? એમનાં દ્વાર તો સર્વ માટે સર્વ સમયે ખુલ્લાં રહે છે.'

ચારે બાજુ ભજન અને ધૂનની રમઝટ બોલાઈ રહી હતી. નાનકડો દામાજી રંગમાં આવી ગયો. કોકની પાસેથી નાનકડાં મંજીરાં માગીને એ તો મંડળીની વચ્ચે કૂદી પડયો અને મીઠી હલકથી ધૂન ઉપાડી :

વિઠ્ઠલ રુકમાઈ....વિઠ્ઠલ રુકમાઇ !
તમારે, અમારે સાચી સગાઈ !



Scanned by CamScanner

દામાજીએ એવા ભાવથી ધૂન ઉપાડી કે સાંભળનારા દંગ થઈ ગયા. હાથમાં મંજીરાં છે, કંઠમાં પ્રભુનું નામ છે. હૈયામાં ભાવ છે અને આંખમાં આંસુ છે.

નાનકડો દામાજી એક ખૂણામાં ઊભો ઊભો પંઢરીનાથની ભાવવાહી મૂર્તિનાં દર્શન કરી રહ્યો. ભગવાનની અમીઝરતી આંખમાંથી વાત્સલ્યનાં વારિ વહી રહ્યાં હતાં. ધીમે પગલે દામાજી પંઢરીનાથ પાસે પહોંચ્યો. તેણે તો પંઢરીનાથનાં ચરણોમાં માથું મૂકી દીધું. ચરણોમાં પડયા પડયા દામાજીએ વિઠ્ઠલનાથનાં ચરણોને ધોઈ નાખ્યાં. હૈયું હળવું થતાં જ માથું ઊંચું કરીને વિઠ્ઠલનાથ સામે નજર નોંધી, હોઠ ફફડવા લાગ્યા. કહેવું તો ખૂબ હતું, પણ હૃદયમાં ભાવનો એટલો બધો ઉછાળો હતો કે જે કહેવાનું હતું એ કહેવાયું જ નહિ. દામાજીનું અંતર ભરાઈ આવ્યું. મસ્તક ઊંચું કરીને વિઠ્ઠલનાથનું મુખ નિરખવા પ્રયત્ન કરે છે ત્યાં એક યાત્રિક જમવા બોલાવવા આવ્યો. દામાજી વિસ્મયભરી દષ્ટિએ નિહાળી જ રહ્યો ને પૂછ્યું : 'આપ કોણ છો? મને કયાં જમવા લઈ જાવ છો?'

'અરે ભાઈ! એમાં પૂછવાનું શું? આ તો પંઢરીનાથનો દરબાર છે, ચાલ, જમવા ચાલ.'

ભોળા દામાજીને થયું, 'પંઢરીનાથનો આ કોઈ વફાદાર માણસ હશે. એની આજ્ઞાથી મને જમવા બોલાવવા આવ્યો હશે. ચાલો વિઠ્ઠલનાથે મને અપનાવ્યો તો ખરો!'

એ દિવસે દામાજી પ્રેમથી જમ્યો.

યાત્રિકોની આંખમાં એ આબાદ વસી ગયો. પછી તો રોજ જમવાનાં આમંત્રણો મળવા લાગ્યાં. જમાડયા પછી સોપારીના કટકા સાથે દાનદક્ષિણા પણ આપતા.

એવામાં શ્રાદ્ધપક્ષ આવ્યું. દામાજીએ પિતાનું શ્રાદ્ધ કરવાનો મનથી નિશ્ચય કરી લીધો. દક્ષિણામાં મળેલી મૂડીમાંથી સીધું-સામાન ખરીદ્યાં અને એ પોતાના કુળગોરને આમંત્રણ આપવા ગયો.

પણ ગોરે આમંત્રણ સ્વીકાર્યું નહિ. દામાજીને ખૂબ દુઃખ થયું. ત્યાંથી ઊઠીને તે સીધો વિઠ્ઠલનાથજીના મંદિરમાં આવ્યો. જેટલું કહેવું હતું તેટલું વિઠ્ઠલનાથને કહી દીધું. વિઠ્ઠલનાથનું હૈયું પણ દ્રવી ગયું.

**દામાજીને બેઠો કર્યો, પ્રભુએ નિજ હાથોથી ઝાલી.**

બેઠો થતાં જ દામાજી કંઈક સ્વસ્થ થયો. કોણે બેઠો કર્યો તે જોવા દામાજીએ પાછું ફરીને જોયું તો ત્યાં કોઈ ન મળે. એની આંખો કોઈને ગોતી રહી હતી. ત્યાં તો ઘૂમટમાંથી અદૃષ્ટ રીતે અવાજ આવ્યો :

'પ્યારા દામાજી! સમય સમયનું કામ કર્યે જાય છે.
જે બને છે તેમાં મારું જ ધાર્યું થાય છે.
આજે તારું ભોજન બ્રાહ્મણ ભલે ન સ્વીકારે,
પણ એક સમય એવો આવશે કે,
જ્યારે સારુંય દક્ષિણ ભીખ માગશે તારે દ્વારે.

દામાજી તો અંતરનો ઊભરો ઠાલવીને પોતાને ગામ ચાલ્યો ગયો. તેણે પોતાનું સંપૂર્ણ જીવન પ્રભુને સોંપી દીધું. જે કાંઈ મળે એમાં મજા માણવી, ચિત્ત દઈને અભ્યાસ કરવો અને બાકીના સમયમાં હરિગુણ ગાવા.



[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૮૫

Scanned by CamScanner

જે પરિપૂર્ણ રીતે પ્રભુને સોંપાઈ જાય છે એના પર પ્રભુની કૃપા ઊતરે જ છે. પ્રભુની દયા મેળવવી છે? તો 'દયા' શબ્દને ઉલટાવી નાખો. 'યાદ' થશે. પ્રભુને જે હરઘડી યાદ કરે, એના પર પ્રભુની દયા ઊતરે. ને જેના પર પ્રભુકૃપા ઊતરે એના પર આખી દુનિયાની કૃપા ઊતરે.

એક દિવસની વાત છે. આખું મંગળવેઢા ગામ સરસ રીતે શણગારવામાં આવ્યું હતું. ઠેરઠેર રંગબેરંગી ધજાઓ અને કમાનો રચવામાં આવી હતી. ગામની ગલીકૂંચીઓમાં પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો. લોકો આમતેમ ઘૂમી રહ્યાં હતાં.

દામાજીએ એક ગ્રામવાસીને પૂછ્યું: 'ભાઈ! આજે આ બધી શેની ધમાલ છે?'

'અરે, તું જાણતો નથી? અત્યાર સુધી ક્યાં હતો?'

'હું તો મારા વિઠ્ઠલનાથની સેવામાં બેઠો હતો.'

'સેવામાં ય બેસીએ ને બહારની દુનિયાનું ય ધ્યાન રાખીએ. આજે તો આપણા ગામમાં બેદરશા બાદશાહની સવારી આવવાની છે. આપણું આ ગામ એમની હકૂમત નીચે છે.'

સવારીનો સમય થતાં આખું ગામ બાદશાહનાં દર્શન માટે ઊમટ્યું. દસ-બાર વર્ષનો દામાજી પણ એક દુકાનને ઓટલે ઊભો રહ્યો.

ફરતી ફરતી સવારી દામાજી સામે આવી. એમની દૃષ્ટિ દામાજી પર પડી ને એમની આંખો ત્યાં જ જડાઈ ગઈ.

નાનકડો દામાજી બાદશાહને સલામ કરી, અદબ વાળીને ઊભો. બાદશાહે દામાજીને નખશીખ નિહાળ્યો. એના મુખ પર કોઈ અનેરી મોહિની હતી. મુખ પર સુસંસ્કારનું અનેરું તેજ ઝળહળી રહ્યું હતું. વર્તનમાં વિનય અને વિવેક વર્તાતા હતા.

બાદશાહે ધીરગંભીર સ્વરે કહ્યું: 'બેટા, તારું નામ શું?'

'મારું નામ દામાજી.'

'જ્ઞાતિએ?'

'બ્રાહ્મણ.'

એ જ ઘડીએ દામાજીને રાજ્યની એક સારી નોકરી મળી ગઈ. ધીરજ, ખંત અને સત્યનિષ્ઠાને પ્રભાવે દિનપ્રતિદિન પ્રગતિ કરવા માંડી. પંદરેક વર્ષને અન્તે એને મંગલવેઢાની સૂબેદારી મળી.

ચડતી અને પડતી એ જીવનનો ક્રમ છે. સમયનું ચક્ર ફરે છે એની સાથે માણસની દશા પણ ફરે છે.

દામાજીને ત્યાં દોમદોમ સાહ્યબી છે, પણ એણે વિઠ્ઠલનાથને વિસાર્યા નહિ. એ ગરીબીના દિવસો ભૂલ્યા નથી. આંગણે જે કોઈ સંત-સાધુ કે અનાથ આવે એનું પ્રેમથી સ્વાગત કરે છે. એને પ્રેમથી ભોજન કરાવે છે. ગામનાં અનાથ બાળકોની સારી રીતે સંભાળ લે છે.

સોનામાં સુગંધ ભળે એમ પત્ની પણ સંસ્કારી મળી.

એવામાં દક્ષિણમાં દુષ્કાળે ડોકિયું કર્યું. દુષ્કાળનાં ચિહ્નો જણાતાં જ દામાજીએ પરરાજ્યમાંથી અનાજની ખરીદી આરંભી. થોડા દિવસોમાં તો અનાજના કોઠારો ભરી દીધા. દિવસો વીતતા ગયા તેમ તેમ દુષ્કાળે પોત પ્રકાશવા માંડયું. કારમો દુષ્કાળ દક્ષિણ ભારતને અજગરની માફક ભરડો લઈને બેઠો હતો.



Scanned by CamScanner

લોકોને મૂઠી મૂઠી અન્ન મળે એ માટે એમણે ઠેર ઠેર અન્નક્ષેત્રો ખોલી નાખ્યાં. છતાં ભૂખ્યાં લોકોની સંખ્યા વધી રહી. હવે તો પરરાજ્યમાંથી પણ અન્ન મળતું બંધ થયું. પ્રજાનું દુઃખ જોઈને દામાજીનું અંતર દ્રવી ઊઠયું.

પરિસ્થિતિએ માઝા મૂકી ત્યારે લોકોનું મોટું ટોળું બાદશાહને દ્વારે પહોંચ્યું. પ્રજાની આ બેહાલી જોઈ ને બાદશાહનું દિલ દ્રવી ગયું. મંગળવેઢાના સૂબેદાર દામાજી પંતે અન્નના કોઠારો ભરી રાખ્યા છે એની જાણ એમને હતી. બીજું કે દામાજી શાણા અને સમજુ છે એવી પણ પ્રતીતિ એમને હતી. એટલે દામાજીને એક નાનકડી ચિઠ્ઠી લખી, એના પર મ્હોર મારી નગરજનોને આપી. એમાં માત્ર એટલું જ લખ્યું હતું : 'યોગ્ય કરશો.'

પ્રજાજનો ચિઠ્ઠી લઈ દામાજી પાસે આવ્યા. નગરજનો તરફ દૃષ્ટિ કરતાં જ દામાજીની આંખડી ભીંજાઈ ગઈ. દામાજી નગરજનો સાથે અનાજના કોઠાર પર આવ્યા. કોઠારનો પહેરો ભરી રહેલા સિપાઈએ સલામ કરી. દામાજીએ નાયબ સૂબેદારને અને એને ત્યાં રહેતી કોઠારની ચાવીઓ સિપાઈ મારફત મંગાવ્યાં.

ચાવી લઈ સિપાઈ અને નાયબ સૂબેદાર બંને હાજર થયા.

કોઠારનાં તાળાં ખોલી અનાજ વહેંચવા દામાજીએ નાયબ સુબેદારને જણાવ્યું. પણ રાજ્યની માલિકીનું અન્ન લોકોને મફતમાં આપી દેતાં રાજા તમારા પર ગુસ્સે થશે ને એ તમારા અધિકાર બહારની વાત છે તેમ નાયબ સુબેદારે ચેતવણી ઉચ્ચારી.

આથી દામાજી વિચારમાં પડી ગયા : 'અરે! ભૂખે મરતાં માનવબંધુઓને બચાવવામાં પણ અધિકાર જોઈએ? અન્નને મફતમાં લુંટાવી મારવાનો મને અધિકાર નથી, પણ અન્યને મરતાં બચાવવાનો તો અધિકાર છે. રાજ્યનું અન્ન મફતમાં લૂંટાવીશ તો બાદશાહ વધુમાં વધુ પ્રાણદંડની સજા કરશે. એથી વધુ તો કાંઈ નહિ કરે ને! હું એક મરીશ પણ બદલામાં કેટલા માનવબંધુઓનો પ્રાણ બચશે?'

'બાદશાહ જે સજા કરશે તે હસતે મોંએ સ્વીકારીશ' એમ વિચારી તેમણે પ્રજાજનો માટે અન્નના કોઠાર ખોલી નાખ્યા. લોકો દામાજીનો જયજયકાર કરતા રવાના થવા લાગ્યાં.

એટલું જ નહીં, દામાજીએ પોતાની તમામ માલ-મિલકત દરિદ્રનારાયણને ચરણે ધરી દીધી. હર્યુંભર્યું દામાજીનું ઘર ખાલીખમ થઈ ગયું. માત્ર વિઠ્ઠલનાથની સેવા અકબંધ હતી. રોજની જેમ વિઠ્ઠલનાથ આજે પણ હસતા ઊભા હતા. દામાજી એમનાં ચરણોમાં બેસી ગયા.

નાયબ સૂબેદારને દામાજીનું આ પગલું યોગ્ય ન લાગ્યું. તત્કાળ તો એ ચૂપ રહ્યો. પણ બીજે દિવસે એણે બાદશાહને નાનકડી ચિઠ્ઠી લખીને ચાડી ખાધી. મીઠું મરચું ભભરાવી લખ્યું કે દામાજીએ જનતામાં પોતાની 'વાહ વાહ' થાય માટે જ રાજ્યનું અન્ન મફતમાં લૂંટાવી માર્યું છે. લોકોએ આપનો નહિ, પણ દામાજીનો જયજયકાર કર્યો છે.

બાદશાહની આંખના ખૂણા લાલ બન્યા. તરત જ બાજુમાં ઊભેલા સેવકને આજ્ઞા કરી કે દામાજી પંતને ગિરફતાર કરી હાજર કરે.

બાદશાહની આજ્ઞા મળતાં જ સૈનિકની ટુકડી લઈ સેનાપતિ મંગલવેઢા ગામમાં આવ્યો. અને દામાજીના ઘર ફરતો ઘેરો ગોઠવી દીધો.



Scanned by CamScanner

દામાજી તો પ્રભુસેવામાં બેઠા હતા. સૈનિકોની હલચલ સાંભળીને તેમનાં ધર્મપત્ની બહાર આવ્યાં. સેનાપતિએ સવિનય પૂછ્યું : 'દામાજી ક્યાં છે?'

'એ તો પ્રભુસેવામાં બેઠા છે.'

'તે એમને કહો, બહાર આવે. બાદશાહનો હુકમ છે.' સેનાપતિએ રુઆબભેર કહ્યું.

'બાદશાહનો હુકમ છે એ તો આપ આવ્યા ત્યારથી મેં જાણી લીધું છે. પણ એ તો અત્યારે બાદશાહના ય બાદશાહ એવા વિઠ્ઠલનાથ ભગવાનની સેવામાં બેઠા છે.'

સાધ્વી સ્ત્રીની હિંમત અને તેજસ્વિતા જોઈને સેનાપતિ પણ શેહ ખાઈ ગયો અને નરમ બની પૂછ્યું : 'ત્યારે એ ક્યારે મળશે?'

'વિઠ્ઠલનાથની પૂજા પૂરી થશે ત્યારે.'

'ભલે' એમ કહીને સેનાપતિએ ત્યાં જ ડેરા નાખ્યા.

દામાજીએ પૂજા સમાપ્ત કરી કે તરત જ એમની પત્નીએ પરિસ્થિતિથી વાકેફ કર્યાં. સાંભળતાં જ દામાજી મરક મરક હસ્યા અને બોલ્યા : 'દેવી! મેં તો એને સોંપ્યું છે. એ સંભાળશે. રોજ તો આપણે ગાઈએ છીએ. કે 'સોંપ્યું સઘળું વ્હાલા! તું સંભાળજે.' ચિંતા કર્યે હવે ચાલે એમ નથી. ભક્તો પોતાની બધી જ ચિંતા ભગવાનને માથે નાખીને જ જીવે છે. આપણે કોઈ ખરાબ કામ કર્યું હોય તો ડર. આપણે તો માનવતાનો ધર્મ બજાવ્યો છે. ભૂખ્યા દેશબંધુઓની સેવા કરી છે. સેવા કરતાં દુઃખ આવી પડે એ સહન કરવામાં જ જીવનની મહત્તા છે. ભગવાન જે કરતા હશે એ સારું જ કરતા હશે. માટે મૂંઝાશો નહિ. બાદશાહે મને બોલાવ્યો છે. હું મળીને આવીશ ત્યાં સુધી પંઢરીનાથની સેવામાં ચિત્ત લગાડીને રહેજો. એમ કરો, પ્રભુસેવાની ઓરડીમાંથી ગીતાજી લાવો. એના પાઠથી નૈતિક બળ સાંપડે છે.' દામાજીનાં પત્નીએ ગીતાનું પુસ્તક લાવીને સ્વામીના હાથમાં મૂક્યું. પત્નીને ધીરજ રાખવાનું કહી દામાજી સેનાપતિ પાસે આવ્યા. સેનાપતિએ દામાજીને સલામ કરી બાદશાહે આપેલો આજ્ઞાપત્ર એમના હાથમાં મૂક્યો.

'ભલે, જેવી બાદશાહની આજ્ઞા. ચાલો...'

સેનાપતિએ દામાજીને હાથકડીઓ પહેરાવી દીધી.

દામાજીને હાથકડીમાં જોતાં જ આખું કુટુંબ દિગ્મૂઢ થઈ ગયું. બાળકો માતાને વળગીને રડવા લાગ્યાં. દામાજીની પત્નીની આંખમાં પણ આંસુ ઊભરાઈ આવ્યાં. રડમસ અવાજે કહેવા લાગ્યાં : 'નાથ એવો તે શો ગુનો કર્યો છે કે આજે આપને રાજ્યના સૈનિકો હાથકડી પહેરાવીને લઈ જાય છે? બાદશાહ તો એક માનવી છે. એમના ન્યાયમાં ભૂલચૂક થાય પણ અંતર્યામીના ઇન્સાફમાં પણ આજે ચૂક આવે છે. ભૂખ્યાં જનોને ભોજન આપીને આપે માનવતાનો ધર્મ બજાવ્યો છે. એના ફળરૂપે આપનું બહુમાન થવું ઘટે. એના બદલામાં આ હાથકડી!'

પત્ની દલીલ સાંભળીને દામાજી પણ ઘડીભર અવાક્ થઈ ગયા અને બોલ્યા : 'મારા પ્રભુનો ન્યાય કેવો હોય એની તને ખબર નથી. આ ધર્મનો માર્ગ જ સંકટનો માર્ગ છે. ધર્મ આચરતાં દુઃખ આવે એને જે સુખ માને એને જ સુખની ઝાંખી થાય છે. બાકી સુખની આશાએ જે ધર્મનો રસ્તો લે છે એને તો માત્ર દુઃખ જ મળે છે.'



Scanned by CamScanner

સેનાપતિ તો દામાજીના ચહેરા ઉપરની સંતસુલભ સ્વસ્થતા અને સૌમ્યતા જોઈ દંગ થઈ ગયો. હાથમાં હાથકડી પડી છે, છતાં એમને એ બાબતનું જરાયે દુઃખ નથી. શું થશે, કેમ થશે એની ચિંતા નથી. બેડીઓના અવાજમાં એમને મંજીરાનો રણકાર સંભળાય છે.

દામાજી એક પગલું મૂકે છે અને વહાલા વિઠ્ઠલને યાદ કરે છે. શરીર રોમાંચિત થઈ રહ્યું છે. આંખમાં આંસુની ધારા ચાલે છે. ભાવવિવશ બનીને એમણે ધૂન ઉપાડી :

વિઠ્ઠલ....વિઠ્ઠલ....વિઠ્ઠલા, હરિ ઓમ્ વિઠ્ઠલા,
માઈ બાપા વિઠ્ઠલા, પંઢરપુરમાં વિઠ્ઠલા,
વિઠ્ઠલ....વિઠ્ઠલ....વિઠ્ઠલા, હરિ ઓમ્ વિઠ્ઠલા.

રસ્તામાં પંઢરપુર આવ્યું. નીચા વળીને પંઢરપુરની રજને મસ્તકે ચડાવી. મંદિર પર ફરફરતી ધ્વજાનાં દર્શન કરતાં હૈયામાં આનંદ આનંદ છવાઈ ગયો. કંઠ ગદ્ગદ થઈ ગયો. હૈયાનો બંધ છૂટી ગયો. આંખમાંથી આંસુના ધોધ છૂટયા. 'નાથ! નાથ!' કહેતાં મંદિરની દિશામાં દોડયા. સેનાપતિ એમના અંતરના ભાવ સમજી ગયા. બે-ચાર સિપાઈઓ દામાજીને પકડવા દોડયા. પણ બીજા સેનાપતિએ ઇશારો કરીને વાર્યા. દામાજી દોડતા મંદિરના દ્વાર પર આવ્યા. માને મળવા જેમ બાળક અધીરો બને એમ વિઠ્ઠલનાથને મળવા દામાજી અધીરા બન્યા હતા. દોડતાં દોડતાં તે પ્રભુની મંગલમૂર્તિ સમક્ષ આવતાં ઢગલો થઈને ઢળી પડયા. દામાજી હૃદયની ભાવના વ્યક્ત કરીને ઊભા થયા અને બોલ્યા : 'નાથ! આપની કૃપા અપાર છે. બાળપણમાં કહ્યું હતું કે 'આખું દક્ષિણ ભીખ માગશે તારે દ્વારે.' પ્રભુ! આપે સેવાનો સુંદર અવસર આપ્યો. બાળપણમાં આપના દર્શને આવતો. પછી તો નોકરી અને માયાના બંધનમાં એવો લપટાયો કે આપને મળવા આવવાનું જ બંધ થઈ ગયું. આજે આપે દયા કરી અને આ સ્થિતિ ઊભી કરી, નહિતર હું દર્શને આવી શકત જ નહિ. પ્રભુ! આપની દયા કાયમ દર્શાવજો.'

ભગવાન પંઢરીનાથનાં દર્શન કરતાં દામાજીને પરમ શાંતિ મળી. પંઢરીનાથને વારંવાર પ્રણિપાત કરીને એ દ્વાર પાસે આવ્યા અને સેનાપતિને કહ્યું : 'ચાલો...' ભગવદ્નામ-સ્મરણ કરતા દામાજી બેદરને પંથે પડયા.

આ બાજુ બાદશાહ દામાજીની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ચોથા દિવસે પણ દામાજીના કોઈ વાવડ ન હતા. બાદશાહ અકળાયા : 'અરે! દામાજીને પકડી લાવવા ચાર ચાર દિવસથી સેનાપતિ ગયો છે, છતાં હજી સુધી એ આવ્યો કેમ નહિ? આટલી બધી ઢીલ કેમ થાય છે? દામાજીએ કાંઈ તોફાન તો કર્યું નહીં હોય? એવું હોય તો વધારે સૈનિકો મોકલો, પણ દામાજીને હાજર કરો.'

પણ એ હુકમનો અમલ થાય એ પહેલાં જ કાળો પણ મુખ પર અનેરી મોહિની ધરાવતો એક યુવક રાજદરબારમાં પ્રવેશ્યો. એના ખભા પર કાળી કામળી હતી. હાથમાં નાનકડી લાકડી હતી. માથે છાબડામાં સાવરણો ને પોટલીઓ હતી. વસ્ત્રોમાં માત્ર ટચુકડી પોતડી પહેરી હતી. આવતાં વેંત યુવકે એ બાદશાહને ઝૂકીને પ્રણામ કર્યા. શીશમના લાકડામાંથી ઘડયો હોય એવા આ યુવકને આખી રાજસભા ટીકીટીકીને જોઈ રહી. વાન કાળો હતો, પણ એના વ્યક્તિત્વમાં અજબ જેવી મોહિની હતી. પાણીદાર હીરાને પણ પરાસ્ત કરે એવું એની આંખોમાં અનેરું તેજ હતું.

વિનયપૂર્વક વન્દન કરીને એ સ્વસ્થ થયો ત્યાં બાદશાહે પૂછ્યું : 'કોણ છે તું? અહીં આવવાનું પ્રયોજન શું છે?'



Scanned by CamScanner

'નામદાર! હું દામાજી શેઠનો સેવક છું. જાતનો મહાર છું.'

'પણ આવ્યો છે શા માટે?'

'આવવાનું ખાસ કારણ તો એ છે કે થોડા દિવસો પહેલાં મારા શેઠ દામાજીએ રાજ્યનું અન્ન ભૂખ્યાં જનોને લૂંટાવી માર્યું. એ સારી રીતે સમજતા હતા કે રાજ્યનું અન્ન મફતમાં લૂંટાવી મારવું ન જોઈએ. પણ અન્ન વિના તરફડતી ગરીબ પ્રજાનું દુઃખ સહન ન થયું. એમણે રાજ્યનો અપરાધ કર્યો છે એ બદલ એમના વતી હું ક્ષમા માગું છું'.

બાદશાહ તો મહાર યુવકની વિનયયુક્ત વાણી સાંભળીને મુગ્ધ થઈ ગયો. આવી મધુર વાણી કદી સાંભળી જ નહોતી. જેવી વાણી મોહક હતી એવું રૂપ મોહક હતું.

'અને નામદાર! એ અન્નની બધી કિંમત ચૂકવી આપવા મને આપની પાસે મોકલ્યો છે. હિસાબે થતા રૂપિયા ગણી લ્યો અને એની પાકી પહોંચ આપો.'

પોતાની ઓળખાણ આપી મહાર યુવકે ટોપલામાંથી સોનામહોરની થેલી કાઢી અને મંદમંદ હાસ્ય વેરતાં પૂછ્યું: 'સરકાર! મંગળવેઢાના કોઠારમાંના અનાજની કિંમત કેટલી થાય છે? આપ આંકડો કહો, હું પાઈએ પાઈ ચૂકવી આપું'.

હિસાબ તો તૈયાર જ હતો. તરત જ રકમ કહેવામાં આવી અને મહાર યુવકે અજબ જેવી સ્ફૂર્તિથી સોનામહોરો ગણવા માંડી. શી એની ઝડપ! રિઝર્વ બેંકનો કેશિયર પણ એની પાસે પાછો પડી જાય.

એક તો મહારની રૂપમાધુરીએ બાદશાહ પર જાદુ કર્યો જ હતો. એમાં અજબ જેવી સ્ફૂર્તિથી સોનામહોરો ગણતો જોઈ બાદશાહનું મન પ્રસન્ન થઈ ગયું. પૂછ્યું: 'ભાઈ! આપ દામાજીના સેવક છો, ખરુંને! દામાજી આપને શું પગાર આપે છે?'

'એક લક્ષ!' મહાર યુવકે ટૂંકો પણ ગૂઢ જવાબ આપ્યો.

'બોલો, મારે ત્યાં નોકરીએ રહેવું છે? દામાજી એક લક્ષ આપે છે તો હું બે લક્ષ આપીશ'.

બાદશાહની વાત સાંભળીને મહાર યુવક તો કામળી ખંખેરતો ઊભો જ થઈ ગયો. અને બાદશાહને કહેવા લાગ્યો:

> 'એક લક્ષ આપનારને ત્યાં જ હું નોકરી કરું છું.
> અરે, નોકરી તો શું, અહર્નિશ પાછળ પાછળ ફરું છું;
> એ પગારના બદલામાં હું આખો ય વેચાઈ જાઉં છું,
> જો એ મારા પ્રાણ માગે તો પ્રાણ પણ આપી દઉં છું.'

બાદશાહ મહારની ગૂઢ વાણી સમજી ન શકયા. એમને લાગ્યુ કે, આને બે લક્ષ પણ ઓછા પડે છે. એટલે કહ્યું: 'બે લક્ષ ઓછા પડતા હોય તો ત્રણ લક્ષ આપીશ.'

'અરે સરકાર! એક વખત તો મેં કહ્યું, 'હું તો સદા એક લક્ષવાળાને ત્યાં જ રહું છું. બે લક્ષ આપનારાને ત્યાં તો હું ઊભો રહેતો જ નથી. પછી વાત કયાં રહી?'

આપણી બધી જ વૃત્તિઓને સમેટીને જ્યાં સુધી ઈશ્વરચરણમાં કેન્દ્રિત કરવામાં ન આવે ત્યાં સુધી ભગવાન આપણી સામે નજર પણ ન નોંધે. ભક્ત પોતાની સર્વ પ્રવૃત્તિ મૂકીને ઈશ્વરમય બને



Scanned by CamScanner

છે ત્યારે ભગવાન પણ ભક્તમય બને છે. જેને ઇશારે આખું બ્રહ્માંડ નાચે એ જગન્નિયંતા ભક્તને ઈશારે નાચવા લાગે છે. એના વેચ્યા વેચાય છે, દોર્યા દોરાય છે અને ભગવાન આ વાતનો એકરાર પણ કરે છે.

'ઓહો, બાદશાહ! આપના બધા જ પૈસા આવી ગયા ને?'

બાદશાહે હકારમાં માથું હલાવ્યું.

'ત્યારે મને ચૂકતે રૂપિયા મળ્યાની સહીસિક્કાવાળી પાકી પહોંચ આપો. મારે મારા માલિક પાસે જવાની ઉતાવળ છે.'

રસીદ તૈયાર થઈ ગઈ. બાદશાહે રસીદ મહાર યુવકને આપતાં એના હાથનો સ્પર્શ થઈ ગયો. બાદશાહના શરીરમાં જાણે વીજળીનો સંચાર થયો. એના માનસમાં અણધાર્યું પરિવર્તન થઈ ગયું.

ત્યાં તો યુવકે બાદશાહ સમક્ષ રસીદ ધરતાં કહ્યું, 'બાદશાહ! સહી કરવા કૃપા કરો.'

બાદશાહે સહી કરી. પ્રધાને એ રસીદ ઉપર રાજ્યની મહોર અંકિત કરી. રસીદ લઈ યુવક સડસડાટ રાજસભા છોડી બહાર નીકળી ગયો.

આખી રાજસભા સૂની થઈ ગઈ. બાદશાહ બીજા બધાંનું ભાન ભૂલી ગયા. યુવકની મનમોહક મૂર્તિ માનસપટ પર તરવરી રહી છે. ફરી ફરીને એ યાદ આવે છે. પ્રધાનને આજ્ઞા ફરમાવી: 'મહાર યુવકને અહીં બોલાવી લાવો.' પ્રધાને સેવકોને આજ્ઞા કરી. સેવકો મારતે ઘોડે ઊપડયા. આસપાસનો પંથ ખૂંદી વળ્યા પણ ક્યાંય મહાર યુવકનો પત્તો ન મળ્યો.

'એની મનોહારી મૂર્તિનાં દર્શન વિના મને જરાય જંપ નહિ વળે.' બાદશાહની રીતભાત રાજ્યમાં ચર્ચાનો વિષય બની. બાદશાહના વર્તનમાં પાગલપણાની છાંટ વર્તાવા લાગી.

દામાજી પાસે તપાસ કરતાં ત્યાં પણ એનો પત્તો ન લાગ્યો.

'દામાજી અત્યારે ક્યાં છે?'

'અત્યારે તો નગર બહારના ઉદ્યાનમાં સ્નાન કરીને પૂજાપાઠ કરી રહ્યા છે.'

'મહાર યુવક પણ ત્યાં જ હોવો જોઈએ.'

'પણ આપણને એનું શું કામ છે?'

'કામ? કામ તો કાંઈ નથી. પણ હું તમને કઈ રીતે સમજાવું! મહાર યુવકનાં દર્શન વિના મને કાંઈ ચેન નથી પડતું. જ્યારથી એ યુવકે મને સ્પર્શ કર્યો છે ત્યારથી મારી મનોદશા ફરી ગઈ છે. મારો ઘોડો હાજર કરો. હું જાતે જ ત્યાં જઈશ.'

ઉદ્યાન પાસે આવતાં જ બાદશાહના કાન પર હરિકીર્તનનો કલ્યાણકારી અવાજ આવ્યો.

વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા .... હરિ ઓમ્ વિઠ્ઠલા....

બાદશાહને મારતે ઘોડે આવતાં જોઈ સેનાપતિ અને સૈનિકો ઊભા થઈ ગયા. ઘેઘુર વડલા નીચે પૂજાપાઠ કરી રહેલા દામાજી પાસે બાદશાહ પહોંચ્યા. દામાજી મસ્ત દશામાં ઊભા છે. આંખોમાંથી ચોધાર આંસુ વહે છે. કંઠમાં 'વિઠ્ઠલ...વિઠ્ઠલ'ની ધૂન ગાજી રહી છે. આસપાસ શું બની રહ્યું છે એનું ભાન નથી.



Scanned by CamScanner

દૂર દામાજી જોતાં દોડી પડિયા ચરણોની માંહી
બતાવો નોકરને આવ્યો કદાપિ તમ પાસે આંહીં.

દામાજીનું ધ્યાનભંગ થયું. આંખો ખોલીને જોયું તો બાદશાહ ચરણોમાં આળોટી રહેલા. ઘડીભર તો દામાજી પણ બાદશાહ સામે શૂન્યવત્ દૃષ્ટિથી જોઈ રહ્યા. બન્નેની દૃષ્ટિ એક થઈ. દામાજી બોલ્યા : 'બાદશાહ! અપરાધ માટે ક્ષમા માગું છું. અન્ન વિના ટળવળતાં લોકોને જોઈ હું વિવશ બન્યો. એમની ભૂખ ભાંગવા માટે મેં રાજ્યનું અન્ન લૂંટાવી દીધું.'

'અરે દામાજી! હું એ નથી પૂછતો, મને એ બતાવો કે તમે મારી પાસે મોકલેલો નોકર ક્યાં છે?

'નોકર? કયો નોકર! મેં તો કોઈ નોકરને આપને ત્યાં મોકલ્યો નથી.'

'તમારી કંઈ ભૂલ થતી લાગે છે. તમારો એક સેવક છે ને જાતનો મહાર છે, વાને કાળો છે એ.'

'એવો તો મારે ત્યાં કોઈ નોકર નથી.'

'એ રાજસભામાં આવ્યો. એણે મને કહ્યું : 'હું દામાજીનો સેવક છું. મને એક લક્ષ પગાર આપે છે.' એણે મને અન્નભંડારની કિંમતની સોનામહોરો ગણી આપી. અને મેં સહીસિક્કાવાળી પહોંચ આપી. આવા અગત્યના નોકરને વિસરી જાવ છો! જરા યાદ કરો!'

દામાજી ઊંડા વિચારમાં પડ્યા. 'હા, હા, હા, એ પહોંચ તો આજે સવારે ગીતાપાઠ વખતે ગીતામાં પડેલી વાંચી હતી. પહોંચ મને મળી છે ખરી, પણ મેં કોઈ સેવકને આપને ત્યાં મોકલ્યો નથી.'

'ત્યારે મારી સમક્ષ કોણ આવ્યું? અનાજના પૈસા કોણ ચૂકતે કરી ગયું? એ પહોંચ તમારા વાંચવામાં ક્યાંથી આવી?' બાદશાહના મનમાં અનેક પ્રશ્નો ઊભરાયા.

દામાજી ફરી વિચારમાં પડ્યા.

બાદશાહે કહ્યું : 'મેં તો એને એક લક્ષ નહિ, બે લક્ષ આપવાની વાત કરી હતી. પણ એ એકનો બે ન થયો. સેવક હોય તો આવા હજો.'

'તમે મોકલેલો સેવક આવ્યો હતો. વાને કાળો હતો. માથે ટોપલો ને સાવરણી હતાં. એમાં સોનામહોરોની કોથળીઓ હતી. કાળી કામળી ઓઢી હતી. એના મુખ પર અજબ મોહિની હતી. જ્યારે એણે સોનામહોરો ગણવા માંડી ત્યારે તો સૌ સભાજનો દંગ થઈ ગયા. લાખો રૂપિયાનો હિસાબ એણે આંખના પલકારામાં પતાવી દીધો.'

દામાજી ભાવમાં આવી ગયા ને બોલ્યા : 'પ્રધાનજી! આપે પણ એ મહાર યુવકનાં દર્શન કર્યાં? આપ કહો છો કે એના મુખ પર અજબ મોહિની હતી, ખરું! એની આંખોમાંથી અમૃત વરસતું હતું! એની વાણીમાં વિશ્વભરની મીઠાશ હતી. એના મુખ સામે સૌની આંખો જડાઈ ગઈ હતી! અને બાદશાહ! એના હાથનો સ્પર્શ થતાં આપના મનોભાવ બદલાઈ ગયા હતા?'

બાદશાહે 'હા' ભણી.

દામાજીની આંખમાંથી આંસુની ધારા ચાલવા લાગી. ગદ્ગદ કંઠે એમણે કહેવા માંડ્યું :

'બાદશાહ સલામત! આપ પૂર્ણ ભાગ્યશાળી બન્યા છો!
આજથી મારા પ્રભુના મારા કરતાં અધિક વહાલા બન્યા છો!



Scanned by CamScanner

પ્રથમ દર્શન મહારરૂપે પ્રભુએ આપને આપ્યું છે,
ઇતિહાસમાં આપનું નામ આજથી સુવર્ણાક્ષરે લખાયું છે.'

આટલું કહેતાં દામાજી ઢળી પડ્યા.

પાસે પડેલા પંચપાત્રમાંથી પાણી લઈ બાદશાહે એમની આંખો પર છાંટયું. દામાજી ભાનમાં આવ્યા. એટલે બાદશાહે પૂછયું : 'હેં...હેં શું કહો છો? એ મહાર યુવક એ આપના પ્રભુ!'

'હા, સરકાર, એ મારો નોકર ન હતો. એ મારો પ્રાણ હતો. પંઢરીનાથ પોતે મહારનું રૂપ લઈ આપને ત્યાં હિસાબ ચૂકતે કરવા આવ્યા હતા!'

દામાજી ભાવાવેશમાં આવી નાચવા લાગ્યા : 'નાથ! બીજા કોઈ સાથે નહિ ને મારી સાથે જ આવું કપટ રમ્યા! મને જ અંધારામાં રાખ્યો! રાજ્યનું અન્ન મેં લૂંટાવ્યું હતું એની સજા મને ભોગવવા દેવી હતી ને! શા માટે આપ મારે માટે મહાર બન્યા? પીળું પીતાંબર છોડી મારે માટે આપે લંગોટી પહેરી! આપ તો મોરમુકુટ ધારણ કરનારા મારે માટે આપે સાવરણો ને ટોપલો ધર્યાં. નાથ! મારે માટે આટલું બધું કષ્ટ શા માટે ઊઠાવ્યું?'

દામાજી દર્શન માટે વલોપાત કરી રહ્યા. આર્તપોકાર કરવા લાગ્યા. ત્યાં તો સહસ્ર સૂર્ય પ્રકાશી ઊઠયા હોય એવો અદ્ભુત પ્રકાશ ત્યાં પથરાયો. એ તેજમાં સૌની આંખો અંજાઈ ગઈ. વિઠ્ઠલનાથે હસતાં હસતાં દામાજીને દર્શન આપ્યાં.

દામાજીએ કહ્યું : 'નાથ! આ બાદશાહ આપના દર્શન માટે વ્યાકુળ બન્યા છે! મહારરૂપે એમને તો દર્શન આપો. હું પણ એ ઝાંખીનો લાભ લઉં ને!'

વિઠ્ઠલનાથે એ જ ઘડીએ મહારરૂપે બાદશાહને દર્શન આપ્યાં....એ જ...એ જ...કહેતા બાદશાહ નાચી ઊઠયા.

દામાજી તો મહારરૂપને જોતાં જ અવાક્ બની ગયા.

બાદશાહને સાચી વાતની પ્રતીતિ થતાં એમને પસ્તાવો પણ થયો અને પાપનું પ્રાયશ્ચિત કરવા દોડીને પ્રભુચરણમાં આળોટી પડયા.

દામાજી સાથે બાદશાહનું જીવન પણ ધન્ય બની ગયું.

('જનકલ્યાણ'માંથી સાભાર)

□


મા ગાયત્રીની કૃપા

શ્રી ગણેશ ટ્રેડર્સ

'ભગવતી'

★

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

Scanned by CamScanner

# એકધારી ભક્તિથી નિષ્ફળ જીવનમાં
# નૂતન પ્રેરણાનો પ્રકાશ પ્રકટી ઊઠે છે!

જીવનની સફળતાઓને જીરવવી સહેલી છે, પણ નિષ્ફળતાનો આઘાત માનવીને જીવનથી હતાશ-નિરાશ-હતપ્રભ કરી મૂકે છે. કોઈપણ વ્યક્તિ નિષ્ફળતાને તો સહી શકતી જ નથી. એનું વ્યક્તિત્વ નિસ્તેજ બની જાય છે. એના આનન્દ-ઉલ્લાસ, એની હોંશિયારી-આવડત -સૂઝ વિલાઈ-કરમાઈ જાય છે. નિરાશાની ઊંડી ને ઊંડી ગર્તામાં ધકેલાતો જાય છે. ક્યારેક તો એ માનસિક સમતુલા-સ્વસ્થતા પણ ખોઈ બેસે છે. આત્મપીડનની વૃત્તિ પણ એનામાં જાગી ઊઠે છે. જીવનની નિષ્ફળતાઓથી હારી-કંટાળી-થાકીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કરે છે, તો ક્યારેક એ નિષ્ફળતાની વ્યથા-વેદનાને ભૂલવા માટે જીવનના અવળા રાહે ચાલવા માંડે છે. પોતાના કુમાર્ગની એને ખબર હોવા છતાં એ અવળે માર્ગેથી પાછો ફરતો નથી.

આ વલણ યોગ્ય તો ન જ કહેવાય. જીવનની નિષ્ફળતાઓ માનવીને હતપ્રભ કરી મૂકે એ સ્વાભાવિક છે, પણ જીવનની વિષમતાઓની વચ્ચે ય સ્વસ્થતા-સમતુલા જાળવવી જરૂરી છે. એનો શાંતિથી સામનો કરવો જોઈએ. સ્વસ્થ ચિત્તે એમાંથી કોઈક માર્ગ કાઢવાનો, ઉકેલ લાવવાનો વિચાર કરવો જોઈએ. આવા સમયમાં માનવીને પોતાના કોઈપણ ઈષ્ટ દેવ-દેવીનાં નામસ્મરણ-જપ, એની નિરંતર ભક્તિ અત્યંત ઉપકારક સાબિત થાય છે. કારણ કે આવી વેળાએ માનવીના સમસ્ત અસ્તિત્વમાં એક પ્રકારની અશક્તિનો અનુભવ થાય છે, પરન્તુ નામસ્મરણ-જપને કારણે કે કોઈપણ સ્તોત્રપઠન કે પ્રાર્થનાનાં આંદોલનો માનવીના સમગ્ર તન-મન-પ્રાણમાં એક અદ્‌ભુત ને અનોખી શક્તિનો સંચાર કરવા મહાન સામર્થ્ય ધરાવે છે. એ આંદોલનો સ્વચ્છતા અર્પે છે, શાંતિ અર્પે છે. જીવનની નિષ્ફળતાઓનો પ્રતિકાર કરવાની શક્તિ અર્પે છે, જીવનની વિષમતાઓની વચ્ચે પણ એ ખુમારીભેર, અનોખા દૃઢ મનોબળથી, પ્રબળ આત્મવિશ્વાસથી જીવ્યે જાય છે. ત્યાં જ એના જીવનના સત્ત્વનો પરિચય થાય છે. જીવનનો એ જ સાચો અભિગમ છે. જીવનની નિષ્ફળતાઓ-વિષમતાઓની વચ્ચે પણ ઉન્નત મસ્તકે, પ્રફુલ્લિત મને જીવન વ્યતીત કરવું એમાં ખરી ખેલદિલી છે, પરન્તુ આ બધું તો નિરંતર નામસ્મરણ-ભક્તિના અંતે, સમ્પૂર્ણ શરણાગતિના અંતે પ્રાપ્ત થાય. જીવનની નિષ્ફળતાઓની સાથે પોતાના કોઈપણ ઈષ્ટ દેવ-દેવીની, કે ગાયત્રીની શરણાગતિ સ્વીકારતાં જીવન એક અનેરા આનંદનો અનુભવ કરે છે. એક પછી એક ઉજ્જવળ તકો પ્રાપ્ત થતી જાય છે. જીવન સુખમય અને સમૃદ્ધ બને છે.

"માતાજીની અસીમ કૃપા ને પૂ. શાસ્ત્રીજીના આશીર્વાદથી શિરીષની ખરાબ લત છૂટી ગઈ" – એ લેખ અગાઉના એક પુસ્તકમાં પ્રગટ થઈ ચૂક્યો છે. એ જ શિરીષભાઈ હવે સમ્પૂર્ણ સ્વસ્થ બની ગયા છે. એમનું જીવન પ્રત્યેક રીતે સુખમય પ્રગતિ કરી રહ્યું છે. એની વધુ રસપ્રદ ને પ્રેરક માહિતી અત્રે પ્રસ્તુત કરી છે:

શ્રી. ચંદુલાલ એન. શાહ લખી જણાવે છે કે, "આસ્તે આસ્તે એની તબિયત સારી થઈ ગઈ હતી. તે વખતે હું વિચારતો હતો કે હવે એને કોઈ સારી કંપનીમાં મૂકવો કે જિંદગી સુધરે. ત્રણ-ચાર મહિના નીકળી ગયા. એક દિવસ અચાનક એના જૂના મિત્ર શ્રી. બિપીનભાઈ શાહ કે જે શાંતિલાલ ઍન્ડ કંપનીના માલિક ને હીરાના મોટા નિકાસકાર છે; તે એને મળવા આવેલા ને તેની તબિયત જોઈ રાજી થયા. અને તરત જ મને પૂછીને બીજે દિવસે શિરીષભાઈ એમની કંપનીમાં

જોડાઈ ગયા. એમ લાગે છે કે બિપીનભાઈને પણ ગુરુપ્રેરણાથી જ મળવા આવવાનું થયું હશે. હજી પણ એ ત્યાં જ કામ કરે છે તથા પૂજાપાઠ વગેરે નિયમિત કરે છે, જળ લે છે. થોડા વખત પછી શાસ્ત્રીજીએ કહેલું કે એનું લગ્ન આ વર્ષમાં થઈ જશે...તેને માટે છોકરીઓનાં માગાં પણ આવવા લાગ્યાં. છેવટે નક્કી થયું, પછી સિંહસ્થ વર્ષ આવતું હોવાથી લગ્ન જલ્દી કરી નાખવા વિચાર્યું, પણ વખત થોડો હતો ને ક્રિયાઓ, જમણવાર, વાડી વગેરેની સગવડ તરત કરવાનું સહેલું નહોતું, પણ પૃચ્છા કરતા વાડીનું પણ અચાનક જ નક્કી થઈ ગયું, એ પણ માની કૃપા જ કહેવાય ને? શાસ્ત્રીજીને અમદાવાદ ટ્રંકકોલ કરી આશીર્વાદ લીધા. લગ્ન સારી રીતે થઈ ગયા. લગ્ન પછી બંને જણ શાસ્ત્રીજી-(માતાજી)ના આશીર્વાદ લઈ આવ્યા. એની પત્ની પન્નાને દિવસો રહ્યા. દોઢ-બે મહિને જરા લોહી પડ્યું, તો તરત ડૉક્ટરને બતાવ્યું. શાસ્ત્રીજીના આશીર્વાદ લીધા. તેમણે કેળું ખાવાનો આદેશ આપ્યો અને કહ્યું કે સારું થઈ જશે. ત્યાર બાદ ડૉક્ટરોનો રીપોર્ટ પણ સારો આવ્યો ને પૂરા માસે સુખરૂપ પ્રસૂતિ થઈ. આ બધી માતાની જ કૃપા છે!"

* * *

પ્રત્યેક મનુષ્યના જીવનમાં અતિ અલ્પ કે અતિ દીર્ઘકાળ એવો આવે છે કે જ્યારે મનોવાંછિત ફળ પ્રાપ્ત થતું નથી, ત્યારે જીવનમાં અત્યંત અંધકાર લાગે છે. જીવન જાણે સ્થગિત થઈ ગયું હોય તેમ લાગે છે. પણ એવા સંતપ્ત આત્માઓએ એક જ વાત યાદ રાખવી કે જીવનની ગમે તેવી વિષમ પળોમાં પણ તમારા ઈષ્ટ દેવની કે તમને જેનામાં શ્રદ્ધા હોય તેની શરણાગતિ, એની ભક્તિમાંથી ચ્યુત ન થશો. એના પ્રત્યે દુર્લક્ષ ન સેવશો. એવા વિષમ-વિપરીત સંજોગો આપણે માટે નિર્માણ થયેલા જ હોય છે, જે આપણને દીન-હીન-લાચાર બનાવી દે છે. પણ એટલું યાદ રાખીએ કે અંધકાર પછી પ્રકાશ પ્રગટે જ છે, રાત્રી પછી દિવસ ઊગે જ છે. દિવસ ઊગવાને આરે હોય ત્યારે રાત્રી વધુ કાળી-ઘેરી બને છે. જેમ સર્વનાશમાંથી નવસર્જન થાય છે, તેમ વિફળતાઓથી નિરાશ બનેલ જીવન ભક્તિના આશ્રયે નવપલ્લવિત થઈ નૂતન શક્તિથી મહોરી ઊઠે છે એ નિઃશંક છે.

□


મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત

**NARENDRA PROCESSING INDUSTRIES**

Tele. : Factory : 34066, 34067 * Resi. : C/o 24889


□

33-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002


Scanned by CamScanner

જુલાઈ-૧૯-૮૫

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....



ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં દર્શનાર્થીઓની–મુલાકાતીઓની ઠીક ઠીક ભીડ જામી હતી. ગુરુદેવ મુલાકાતીઓને માર્ગદર્શન આપવામાં સતત વ્યસ્ત હતા. આસપાસનું વાતાવરણ એકદમ સૌરભમય, આહ્લાદક અને આત્મીય લાગી રહ્યું હતું. સ્વજનોના સંગમાં આવીને બેઠાં હોઈએ એવો અનુભવ મનને થતો હતો. ઠેર ઠેરથી આવતાં ભાઈબહેનો અરસપરસ એકમેકનો પરિચય કેળવી રહ્યાં હતાં. ત્યાં જ એક ભાઈ સૌની વચ્ચેથી ઊભા થયા. એ હાથ જોડી ગુરુદેવને કહ્યું, 'ગુરુદેવ, જીવનથી હારીને, ત્રાસીને, થાકીને નિરાશ થઈને આવ્યો છું. મને કંઈ સૂઝતું નથી. મારા જીવનમાં સર્વત્ર ચારેકોરથી અંધકાર છવાઈ ગયો છે. આપને વિશે સાંભળીને, એક જણ પાસેથી આપના 'આધ્યાત્મિક કેડી'ના એપ્રિલ માસના અંકમાં 'ગુરુમંત્ર અને મંત્રદીક્ષા' વિશેનો લેખ વાંચી હું પ્રભાવિત થયો છું. અને અહીં દોડી આવ્યો છું. મારે ભક્તિ કરવી છે. આપને ગુરુ કરવા છે. આપ મને કંઈક રસ્તો બતાવો.' આટલું કહેતાં તેઓ ગદ્‌ગદિત થઈ ગયા. તેમની આંખોના ખૂણામાં ઝળઝળિયાં ડોકાઈ રહ્યાં. ભરાઈ આવેલા ડૂમાને પ્રયત્નપૂર્વક ગળે ઊતારી બોલતા બંધ થઈ ગયા અને ગુરુદેવ સામે તાકી રહ્યા. એક પળ ભર આંખો બંધ કરી સહાળા જ ગુરુદેવ તેમની બેઠકમાંથી ઊઠયા, સ્લીપર પહેરી અને એ ભાઈને મુલાકાતના ઓરડામાં લઈ ગયા. થોડીવારમાં બંને જણા

બહાર પાછા આવ્યા. પેલા ભાઈના હાથમાં માતાજીનો ફોટો ને મંત્રકાર્ડ હતા. પૂ. ગુરુદેવ ફરી તેમની બેઠક પર બિરાજ્યા. ભાઈબહેનોમાં સોપો પડી ગયો હતો. વાતાવરણ પેલા ભાઈની મનોવેદનામાં સહભાગી થતું હતું જાણે!

થોડી પળો પસાર થઈ ન થઈ ત્યાં તો ગુરુદેવે કહ્યું : 'શ્રીમદ્ ભગવદ્ગીતાના પ્રારંભમાં જ શ્રીકૃષ્ણ ભગવાને બહુ સરસ વાત કરી છે. રણક્ષેત્રમાં અર્જુન યુદ્ધ કરવાની ના પાડે છે ત્યારે ભગવાન એને સમજાવવાનો પ્રયત્ન કરે છે તેમ છતાં તેને કંઈ સૂઝતું નથી. એથી ફરીને થાકીને અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને કહે છે :

कार्पण्यदोषोपहत स्वभावः
पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चित ब्रूहि तन्मे
शिष्यस्तेहं साधि मां त्वां प्रपन्नम् ॥

અર્જુન ભગવાનને કહે છે કે હું કિંકર્તવ્યમૂઢ બની ગયો છું. મને કશું સૂઝતું નથી. હું તમારે શરણે આવ્યો છું. મારે માટે જે શ્રેય હોય તે મને કહો.

અહીં બે વાત મહત્ત્વની ને ધ્યાનાર્હ છે. એક એ કે અર્જુન ભગવાન શ્રીકૃષ્ણની શરણાગતિ જાહેર કરે છે. શરણાગતિ જાહેર કર્યા પછી મહત્ત્વની વાત પૂછે છે કે મારા શ્રેયમાં – મારા હિતમાં જે કંઈ હોય તેનું મને માર્ગદર્શન આપો.

સામાન્ય મનુષ્ય અને ભગવાનના ભક્તોમાં આટલી ભેદરેખા જોવા મળે છે, જેને દૂર કરવાની જરૂર છે.

સામાન્ય મનુષ્યને જીવનમાં મૂંઝવણો–આપત્તિઓ આવતાં તેઓ તેમાંથી મુક્ત કરવાની માગણી પ્રભુ પાસે કરે છે, જ્યારે પ્રભુભક્તિમાં ચિત્તને લીન કરનારા ભક્તોના જીવનમાં જ્યારે આપત્તિઓ આવે છે અને કિંકર્તવ્યમૂઢ જેવી દશાનો અનુભવ થાય છે ત્યારે પોતાના શ્રેયને માટે પ્રાર્થના કરે છે.

જીવનમાં બે વસ્તુ છેઃ શ્રેય અને પ્રેય. પ્રેય એટલે આપણને–મનુષ્યને જે પ્રિય છે તે. શ્રેય સ્વના હિત ઉપરાંત પરના હિત સાથે પણ માનવીની ભાવનાઓ, ચિત્તનાં સંચલનો–સ્પંદનો જોડાયેલાં હોય છે. આ શ્રેય અને પ્રેયમાંથી માનવીએ એકની પસંદગી કરવાની છે, અને શ્રેય જ પ્રત્યેક મનુષ્ય માટે, પ્રત્યેક ઉપાસક માટે, જીવન, કુટુંબ, સમાજ અને વિશ્વના ઉત્થાન માટે શ્રેષ્ઠ છે.

પ્રેય એટલે કે આપણને જે પ્રિય હોય તે આપણા હિતમાં જ હોય એવું હંમેશા નથી બનતું. આપણને જે પ્રિય હોય છે તે ભગવાનને પ્રિય હોય જ એવું આપણે માની ન શકીએ. અને એથી જ આપણા પ્રિયની પ્રાપ્તિ આપણને થતી નથી ત્યારે આપણને ઘણું દુઃખ થાય છે.

આપણા નિત્યકર્મમાં આ એક શ્લોકનું પઠન હરહંમેશ કરતાં રહીશું તો પ્રભુનાં આશિષ, કૃપા અને માર્ગદર્શન તેમ જ પ્રેરણા પ્રાપ્ત થતાં રહેશે એમ મને લાગે છે.

આપણું પ્રથમ કર્તવ્ય શ્રદ્ધા અને શરણાગતિ સ્વીકારવાનું છે. આપણા લૌકિક વ્યવહારમાં આપણાં સ્વજનો માટે જેવી રીતે આપણા અંતરમાંથી પ્રેમ ઉદ્ભવ્યા કરે છે તેવી જ રીતે પરમાત્મા માટે પણ આપણા અંતરના અતલ ઊંડાણમાંથી પ્રેમનો, પોતાપણાનો જે ભાવ પ્રગટે છે તે જ ભક્તિના રસમાં તરબોળ કરી શકે. આ ભાવ પરમાત્મા સાથે જીવનું અનુસન્ધાન કરાવી શકે છે – કરાવી આપે છે. પરમાત્મા સાથેનું આ અનુસન્ધાન જીવનું એક જન્મમાં જ નહિ, અનેક જન્મો સુધી શ્રેય સાધે છે.



Scanned by CamScanner

જીવ એક વાર પ્રભુની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારે છે, પછી એની સઘળી જવાબદારી પ્રભુના શિરે આવી જાય છે. જીવનો આત્મવિકાસ કરવાનું કર્તવ્ય પ્રભુના હાથમાં આવી જાય છે.

ભક્તિ એ કોઈ વેપાર-ધંધો-નોકરી કરવા જેવી કે ઘરસંસાર ચલાવવા જેવી સ્થૂળ પ્રક્રિયા નથી. નોકરી કરતો માનવી ધારે કે મારે વેપાર કરવો છે, પણ વેપાર કરવા માટે મૂડી તો જોઈએ ને? એ જ રીતે પરમાત્માની ભક્તિ કરવા પ્રભુ પ્રત્યે શ્રદ્ધા, શરણાગતિ, પ્રેમ અને આત્મસમર્પણની મૂડીની આવશ્યક્તા છે. એ સિવાય પ્રભુની ભક્તિ અસંભવ અને અશક્ય છે.

જીવનની આધિ, વ્યાધિ, ઉપાધિઓમાં અટવાતો માનવી અર્જુનની જેમ શરણાગતિ સ્વીકારે અને પોતાના શ્રેય અંગે પ્રભુ પાસે માર્ગદર્શન માગે તો મને લાગે છે કે આપણા બધાની જ અડધા ઉપરની મુશ્કેલીઓનો અંત આવી શકે છે, ઉકેલ આવી શકે છે, અને એમાંથી માર્ગ મળી શકે છે.

અત્યારે પળે પળ અશાંતિ, અસલામતી અને અનિશ્ચિતતામાં વ્યતીત થઈ રહી છે, ત્યારે પ્રભુ પાસે શ્રેય અંગે જ માગણી કરવાની છે, પ્રાર્થના કરવાની છે, માર્ગદર્શન માગવાનું છે. આ એક અનંત સમયનો તકાદો છે. એ હકીકત ગઈ કાલે પણ એટલી જ સાચી હતી. આજે પણ એટલી જ સાચી લાગી રહી છે અને આવતી કાલે પણ એટલી જ સાચી લાગશે, એમાં શંકાને કોઈ સ્થાન નથી.'

એટલું કહી પેલા ભાઈને સંબોધીને કહ્યું: 'ભાઈ, મેં કહ્યું તેમ દરરોજ ગાયત્રી-મહામંત્રની ત્રણ માળા શ્રદ્ધાપૂર્વક શરણાગતિ ભાવે શરૂ કરી દો. મારા તમને આશિષ છે. માની પ્રેરણા મુજબ હું તમને મદદ કરતો રહીશ પણ અર્જુનની જેમ તમે પણ માતાજીની શરણાગતિ સ્વીકારી તમારું સઘળું તેમનાં ચરણોમાં સમર્પી દો. તમારા જીવનનું, તમારા તન અને મનનું નિયંત્રણ માતાજીને સોંપી દો તો તમારું ભાવિ ઉજ્જવળ ને ઉન્નત જ છે. માની કૃપા ને આશિષ તમારા પર અવશ્ય ઊતરશે એ નિશ્ચિત છે.

□

# "મધુર શંકા"

ગુરુજીની નયનરમ્ય મૂર્તિ, નયન સામે દેખાઈ;
તેજોમય મુખકાંતિને દર્શતાં, માનસપટ પર કલ્પના રચાઈ!
વર્ષો પહેલાં એક નરેન્દ્રે, ખળભળાવી દુનિયા નાની વયથી,
ભક્તિ ને જ્ઞાનના સમન્વયથી, વિવેકાનન્દના સમન્વયથી!
આ નરેન્દ્રમાં તે બધું જ છે અને શું શું નથી!
હૃદયમાં મધુર શંકા થાય છે, શું આ તે જ તો નથી?
એક જ આત્મા બમણું લાવ્યો, એ જ નામ ધર્યું છે!
કદાચ એ વખતનું અધૂરું કાર્ય, આ વખતે પૂરું કર્યું છે!
ન જોઈએ કીર્તિ, અતિ પ્રચાર, ફક્ત દીનદુઃખિયાંને ઉગારતા,
આ એ જ છે, એ જ છે, એ જ છે, 'મુંજ' રૂંવાડાં એમ પોકારતાં!'

— મુંજાલ

# સ્વયં સ્ફુરણાની સફળતા

પરમતત્ત્વમાં શ્રદ્ધા, શરણાગતિ અને વિશ્વાસ હશે, નિરંતર તેનું રટણ થતું રહેતું હશે તો વ્યક્તિને તેની નાની-મોટી પ્રત્યેક મૂંઝવણમાં કોઈના ય સાથ-સહકાર-માર્ગદર્શન કે સલાહ-સૂચન વિના પણ અંતરમાંથી સ્વયં એક સ્ફુરણા થતી રહેશે, જે માર્ગદર્શક બનીને દોરવતી રહેશે. અત્રે પ્રસ્તુત કરેલો પ્રસંગ આ જ હકીકતનું સરસ રીતે સમર્થન કરે છે.

વિમળા મરચન્ટ લખી જણાવે છે:

"આજથી પાંચેક વર્ષ પહેલાં હું કોઈની સલાહથી મા ગાયત્રીના શરણે જવાના માર્ગદર્શન માટે પૂ. ગુરુદેવ પાસે ગઈ હતી. જે મુશ્કેલી લઈને ગઈ હતી, તેમાંથી તો થોડા સમયમાં જ મુક્તિ મળી ગઈ. મારા જીવનમાં અનેક સાંસારિક મુશ્કેલીઓ આવતી તે પણ મા ગાયત્રીની કૃપાથી દૂર થતી ગઈ. કારણ મને મુશ્કેલી હોય કે ન હોય, મેં લીધેલું મા ગાયત્રીનું શરણું જિંદગીભર ન છોડવાનું નક્કી કર્યું હતું. મારી સાંસારિક ઉપાધિઓમાંથી વધારે માળા ફેરવવાનું તો શક્ય બનતું નથી, પણ ત્રણ માળા તો અવશ્ય કરું જ છું. જો કે તેમાં પણ ક્વચિત્ ચૂકી જવાય છે. પણ માનસિક જપ તો અવશ્ય ચાલુ જ હોય છે.

બીજા ભક્તોને પ્રેરણા મળે તે હેતુથી નીચેનો પ્રસંગ રજૂ કરું છું, જેમાં મને તો માની પૂર્ણ શ્રદ્ધાથી કરેલી ભક્તિનો જ કૃપાવિશેષ જણાય છે.

"મારો પુત્ર પાંચ વર્ષનો થયો ત્યારથી જ અશાંતિ હતી. એ અઢારેક વર્ષનો થયો ત્યારે તેને ખાતર જ મુંબઈ છોડી પરગામ જવું પડ્યું. ત્યાં અમુક વર્ષ ચડતી-પડતીનાં કાઢી પાછા સ્વદેશ આવવું પડ્યું. અહીં માની કૃપાથી એ અમુક લાઈનમાં કામ મેળવવા સફળ થયો, પણ જે કામ હતું તે મશીનથી કરવાનું હતું, જેનો કારીગર મશીન બગડી જતાં રીપેરીંગ ચાર્જ મનસ્વી રીતે લગાડતો, પણ એના સિવાય બીજો કોઈ ઉપાય ન હતો, જેથી મારા પુત્રને પારાવાર મૂંઝવણ થતી. છેલ્લી વાર જ્યારે મશીન બગડ્યું ત્યારે કારીગરનું રીપેરીંગ ખૂબ જ ગેરવાજબી લાગતાં એણે મા ગાયત્રીને ચરણે પડી વિનંતી કરી કે 'મા, હવે તો હું તારે શરણે છું. તું મને શક્તિ આપ કે જેથી હું જાતે જ રીપેર કરી શકું. મને શ્રદ્ધા છે મા, કે જો તારી કૃપા હોય તો કોઈ ચીજ અશક્ય નથી.' અને ખરેખર જે ચીજમાં એનો કશો જ અનુભવ ન હતો, નાની નાની બાબતો માટે પણ જેણે બીજાની મદદ માટે દોડવું પડતું, એ અશક્ય કામ માની કૃપાથી અણધારેલી રીતે પાર પડ્યું. એ પોતે જ રીપેર કરવા સફળ થયો. જ્યાં એને મદદની જરૂર પડતી ત્યાં અણધારેલી જ મદદ મળી જતી. ક્યારેક એને સ્વયં સ્ફુરણા થતી કે આ ચીજ આમ નહિ, આમ થવી જોઈએ. અને માના ચરણે અમારાં સૌનાં મસ્તક નમી પડતાં."

* * *

જીવનમાં જ્યારે પણ મૂંઝવણ આવે, કોઈની ય સહાયની જરૂર ઊભી થાય ત્યારે લૌકિક મદદ માગવા જવા કરતાં ઈષ્ટની, મા ગાયત્રીની કૃપાયાચના કરીએ અને શું પરિણામ આવે છે તે જોવા થોભીએ. દરેક મનુષ્યે ઈષ્ટની – મા ગાયત્રીની ઉપાસના માટે ચોક્કસ નિત્યક્રમ ઘડવો જ જોઈએ. ગાયત્રીની ત્રણ માળા અચૂક કરવી જ જોઈએ. ક્વચિત્ ચૂકી જવાય તો પણ માતાજી પ્રત્યે, ઈષ્ટ પ્રત્યે પ્રેમભાવનું માનસિક-ભાવનામય અનુસંધાન જળવાઈ રહે તેનું ધ્યાન રાખીએ તો જીવનવ્યવહારમાં પ્રત્યેક પગલે તેની પ્રેરણાનો પ્રકાશ પથરાતો રહેશે. આવો સ્વાનુભવ કરવા જેવો છે, કરી જોઈએ.

□

Scanned by CamScanner

# જ્ઞાનગોષ્ઠિ

**પ્રશ્ન** : પૂજ્ય ગુરુદેવ, આપ કોઈને ઘરે જમતા નથી તેનું કારણ શું? અમે તો બ્રાહ્મણ છીએ. મારા ઘરે શુભપ્રસંગ છે. આપ જમવા પધારશો તો મને ઘણો જ આનંદ થશે.

**ઉત્તર** : આ મારો અંગત પ્રશ્ન છે. છતાં પણ એ સહુને માટે જાણવો જરૂરી છે.

આપણાં શાસ્ત્રોમાં આહારશુદ્ધિને ઘણું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે: અન્ન તેવા ઓડકાર.
(૧) અનીતિના ધનથી લાવેલું અનાજ (૨) અશુભ વિચારોથી બનાવેલું ભોજન, અને
(૩) અશુભ વાતાવરણમાં તૈયાર થયેલું ભોજન.

ઉપરોક્ત બાબતોથી સ્પંદિત, અસ્વચ્છ થયેલું ભોજન તેનો ઉપહાર કરનાર વ્યક્તિના વિચારોને હંમેશા અનીતિમય બનાવે છે.

ખોરાકના ઘટકો શરીરના કોષોને પોષવાનું કાર્ય કરે છે પરંતુ તેનું આવરણ મનના વિચારોને પોષે છે. અશુદ્ધ વાતાવરણ મનના વિચારોને અશુદ્ધ બનાવે છે.

તમારી જેમ ઘણાં ભાઈબહેનોનો આગ્રહ હોય છે કે "ગુરુદેવ, બ્રાહ્મણને હાથે બનાવેલી રસોઈ છે, અમે બ્રાહ્મણ છીએ, દૂધથી રસોઈ બનાવી છે. તમે અમારે ત્યાં જમો."

કોઈનું પણ મનદુઃખ ન થાય કે ખરાખોટાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે હેતુથી મારો આ અંગત નિયમ છે.

શુદ્ધ સાત્ત્વિક શાકાહારી ખોરાક જ જમવાનો આગ્રહ રાખવો. સમતોલ રીતે લીધેલો શાકાહારી ખોરાક શરીરનાં જરૂરી પોષક તત્ત્વો પૂરાં પાડે છે જેથી શરીરના કોષો અને મનના વિચારોનું ઘડતર થાય છે. આ બાબતમાં સ્પષ્ટતા કરતો એક પ્રસંગ મને યાદ આવે છે.

સૌરાષ્ટ્રના એક ગામમાં એક સાત્ત્વિક અને સદાચારી કણબીનું ઘર હતું. પતિપત્ની અતિ ધર્મપરાયણ અને પ્રભુભક્તિમાં જ સમય વ્યતીત કરતા.

ચોમાસામાં ચાતુર્માસ ગાળવા માટે એક સંત આ ગામમાં આવ્યા અને આ કણબીને ત્યાં સંતમહાત્મા માટે રહેવાનું અને જમવાનું નક્કી કર્યું. આ કણબી કુટુંબના પડોસમાં એક દરજી કુટુંબ રહે. પરંતુ તેમનું જીવન અને વ્યવહાર અનીતિમય હતાં. દરજીની પત્નીને એક દિવસ ઇચ્છા થઈ કે સંત મારે ઘેર જમે અથવા મારા ઘરનાં દાણોપાણી ભોજન બનાવવા માટે વાપરે.

કણબીનાં પત્નીએ સંતને દરજીપત્નીની ઇચ્છા દર્શાવી. પરંતુ સંતે તેમના ઘરનું અનાજ વાપરવાની કે જમવાની ના પાડી.

દરજીપત્નીના અતિશય આગ્રહથી અગિયારસને દિવસે દરજીના ઘરનું અનાજપાણી લાવી ફરાળ બનાવી સંતને જમાડયા. અનાજ પેટમાં જતાં જ સંતની મનોવૃત્તિમાં વિકાર પેદા થયો. કણબી દંપતી ખેતરે કામે ગયાં તે દરમિયાન સંતે ઘરમાંથી સોનાના દાગીનાની ચોરી કરી અને પલાયન થઈ ગયા.

પતિપત્ની ઘરે આવ્યાં. સંતની ગેરહાજરી અને ઘરેણાંની ચોરીની જાણ થઈ. પરંતુ દરેક પ્રસંગે ઈશ્વરની ઇચ્છાને જ પ્રાધાન્ય આપતાં હોવાથી "જેવી હરિની મરજી" કહીને મન પરમાત્માની ભક્તિમાં જોડી દીધું.

પંદર દિવસ પછી સંત આ ગામમાં પાછા આવ્યા. ઘરેણાંની પોટલી કણબી દંપતીને પાછી આપતાં કહેવા લાગ્યા, 'અગિયારસને દિવસે ફરાળ લીધા પછી મારું મન વિકૃત થઈ ગયું હતું. સાચું



Scanned by CamScanner

કહેજો બહેન, તે દિવસના તમારા અનાજમાં, વિચારોમાં કે વાતાવરણમાં મલિનતા પ્રવેશી હોવી જોઈએ. અન્ન દૂષિત હતું તેની મને ખાતરી થઈ ગઈ છે. કારણ કે આ દૂષિત અનાજ મારા પેટમાં ગયા પછી જ મારા વિચારોમાં પરિવર્તન આવ્યું અને વધુ પૈસા મેળવવાની લાલચે મેં તમારા ઘરમાં ચોરી કરી.

'પંદર દિવસ બાદ તે દૂષિત અન્નનો દાણો પણ હવે મારા પેટમાં રહ્યો નથી અને મારી અધોગતિ માટે પ્રાયશ્ચિતરૂપે મેં ત્રણ દિવસના ઉપવાસ કરી શરીરને પવિત્ર કર્યું છે અને પાપના એકરાર માટે તમારા દાગીના તમને સુપ્રત કરું છું. હવેથી કોઈના ઘરનું કે હાથનું બનાવેલું ભોજનન જમવાનો મેં નિયમ લીધો છે.'

કણબીપત્નીએ રડતાં રડતાં અતિકરુણાર્દ્ર સ્વરે કહ્યું, "મહારાજ, મને માફ કરો, દરજીપત્નીના અતિઆગ્રહથી તેના ઘરનું અનાજપાણી લાવીને તે દિવસે મેં ફરાળ બનાવી આપને જમાડયા હતા."

આપ સર્વે બહેનો, રસોઈ બનાવતાં બનાવતાં ઇષ્ટદેવનું સ્મરણ, રટણ, ગાયત્રી મંત્રજાપ ચાલુ રાખશો, જેનાં સાત્ત્વિક આંદોલનો રસોઈમાં ભળશે અને આપના પરિવારના અને તે અન્ન જમનાર દરેક વ્યક્તિના વિચારોને સાત્ત્વિક પોષણ મળશે.

☐


મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષની અભ્યર્થના

શ્રી અંબિકા સુગર ટ્રેડીંગ કું.

શ્રી કૃષ્ણા સુગર એન્ડ ઓઇલ ડેપો

શ્રી જય જલારામ સુગર સેન્ટર

હોલસેલ સુગર એન્ડ ઓઈલ મરચન્ટ

ઠે. અલાયાવાડી, માલી ફળિયા, સુરત.
સૌજન્ય : શ્રી અંબિકા સોપ ફેક્ટરી એન્ડ ટી ડેપો (હોલસેલ વિભાગ)
શ્રી જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર (છૂટક વિભાગ)

ફોન નંબર : ઓફિસ : ૨૯૧૯૪, ૩૬૩૦૬, ૨૩૮૪૯ * ઘર : ૨૩૯૧૨, ૩૩૬૩૦, ૨૪૦૪૧

'ૐ ગુરુકૃપાહિ કેવલમ્'

મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય શાસ્ત્રીજીના આશીર્વાદ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો.

શ્રી અંબિકા ટેક્ષટાઇલ્સ

શ્રી અંબિકા કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ

પ્રો. ઠાકોરદાસ છગનલાલ ચાહવાળા

૪/૧૩૩, હરિપુરા, પીરછડી રોડ, સુરત–૩
કપડાં ધોવાના સાબુ, વોશીંગ પાવડર તથા પાવડર બનાવવાના કેમીકલ્સ
તેમજ કોપરેલ, દીવેલના હોલસેલ ડીલર

ફોન : ઘર : ઓફિસ : ૨૪૦૪૧, ૨૩૯૪૮; ☐ ફેક્ટરી : ૩૩૧૦૧


Scanned by CamScanner

# અવલંબન ભગવાનનું

ડૉ. કાન્તિલાલ કાલાણી

કૌસાનીના અનાસક્તિ આશ્રમમાં અમે ત્રણ દિવસ રોકાયાં. આ વિસ્તારને ગાંધીજીએ ભારતના સ્વીટ્ઝરલૅન્ડ તરીકે ઓળખાવ્યો છે. અમે કર્ણપ્રયાગથી કૌસાની ગયા ત્યારે સમગ્ર માર્ગની આસપાસ માઈલો સુધી ભરપૂર સૌન્દર્ય પથરાયેલું હતું. લગભગ ચારથી પાંચ કલાકના મોટર-પ્રવાસમાં આંખો બંધ કરવાનું ક્યારેય મન ન થાય એટલી કુદરત ખીલી હતી.

કૌસાની અતિ રળિયામણું સ્થળ છે. અમે દિવસ દરમિયાન ત્યાંના સૌન્દર્યનું પાન કરતાં. મેઘાચ્છાદિત હિમગિરિનાં આઠ-નવ શિખરો ત્યાંથી સ્વચ્છ વાતાવરણમાં દેખાતાં. અમે સપ્ટેમ્બરની પહેલી તારીખ આસપાસ ત્યાં હતાં. આ દિવસોમાં આકાશ ઘણું ખરું વાદળોથી છવાયેલું રહેતું. અમે અવારનવાર આકાશ ભણી દૃષ્ટિ કરી લેતાં.

બપોરના ભોજન પછી થોડી વાર આરામ કર્યા બાદ સત્સંગ થતો. એ દિવસોમાં નારદ ભક્તિ સૂત્ર પર ચિંતન ચાલતું હતું. સત્સંગમાં અમે એકાદ-બે સૂત્ર લેતાં અને તેના વિશે વાત થતી. તે દિવસે ૭૪મું સૂત્ર હાથ પર હતું.

આ સૂત્ર ભક્તોને મહત્ત્વની ચેતવણી આપનારું છે.

**वादो नावलम्ब्यः ॥** ભક્તને વાદ-વિવાદનો આધાર લેવો પડતો નથી. અન્ય માર્ગે ચાલનારા વાદનો આશ્રય લે તો ચાલે કે નહીં, તે માર્ગ પસંદ કરનારે નક્કી કરવાનું છે, પણ જેમણે ભક્તિનો માર્ગ ગ્રહણ કર્યો છે તેણે વાદનો આશ્રય ન લેવો જોઈએ એવું મહાન ભક્તિવેત્તા દેવર્ષિ નારદે સૂચવ્યું છે.

વાદવિવાદમાં સામી વ્યક્તિને પરાજિત કરવાનો ભાવ સતત હાજર હોય છે. સામી વ્યક્તિને પોતાની દલીલનો ઉત્તર આપી ન શકે, એના હોઠ બંધ થઈ જાય એવા ખ્યાલથી એક પછી એક રજૂ કર્યા હોય તેનો છેદ ઉડાડવાની વૃત્તિ હોય છે.

વાદમાં ઊતરનારો પોતે પક્ષપાતી બની જાય છે. કોઈ એક મત અથવા વિચારણાને આધીન થઈ જાય છે તેનો એને ખ્યાલ આવતો નથી. પોતે જે સમજ્યો છે એવી એની પકડ થઈ ગઈ હોય છે. બીજાએ સત્ય સમજવું હોય તો અન્યની વાતનો સ્વીકાર કરી લેવો જોઈએ એવું પણ મતાંધ લોકો માનતા હોય છે.

ભક્તિમાર્ગ ગ્રહણ કરનારાએ મતમતાંતરોની અનન્ત જાળમાં ફસાવા જેવું નથી. એ ભગવત્‌ભક્તિમાં લય પામવા નીકળેલો છે એટલે બુદ્ધિએ નિર્માણ કરેલા તર્કો સાથે એને કોઈ સંબંધ ન હોઈ શકે. તર્કો એ આખરે અનુમાન કે કલ્પના છે, કહો કે વિચારપ્રક્રિયા છે. મનુષ્યની બુદ્ધિ જેટલી સતેજ અને વિકસિત તેટલી તેની તર્કશક્તિ જોરદાર હોઈ શકે પણ તર્કથી પરિસ્થિતિ સ્પષ્ટ થઈ જાય અથવા જે પામવું છે તે પામી શકાય એવું બનતું નથી. તર્કને બુદ્ધિ સાથે સંબંધ છે. બુદ્ધિ અનુમાન કે કલ્પનાનો આશ્રય લઈને વાત કરે છે તેમાં અનુભવ હોતો નથી.



Scanned by CamScanner

મનુષ્ય વાદવિવાદમાં ક્યારે ઊતરે છે? એને પોતાને પોતાની સમજમાં ખાતરી નથી હોતી ત્યારે. આપણને સાબિતી મળતી નથી ત્યારે આપણે બહારનો આધાર શોધવા નીકળીએ છીએ. એમાં આપણને અનુભવ નથી મળતો પણ શબ્દોની જાળ મળે છે. કહો કે દર્શન નથી થતું પણ ભ્રમની પરંપરામાં જોતરાઈ જઈએ છીએ.

બુદ્ધનો એક પ્રસંગ નોંધાયો છે. ભગવાન બુદ્ધ જ્યારે વિહાર કરવા નીકળતા ત્યારે તેમની સાથે તેમના શિષ્યો પણ જતા. કેટલાક શિષ્યો અગાઉથી જઈને વાતાવરણ તૈયાર કરતા.

એક બૌદ્ધ સાધુ કોઈક ગામમાં અગાઉથી પહોંચી ગયેલા. એ ગામમાં રહેતા અંધ માણસને ઘણા સમયથી એક પ્રશ્ન મૂંઝવતો હતો. એને જાણ થઈ કે બૌદ્ધ સાધુ ગામમાં આવ્યા છે એટલે એક સ્નેહીનો સહારો લઈ તે સાધુ પાસે પહોંચી ગયો. સાધુ પાસે જઈ તેણે પ્રણામ કર્યા અને કહ્યું : 'ઘણા વખતથી મારી એક મૂંઝવણ છે. મને ખોરાકમાં દૂધ ભાવે છે. લોકો કહે છે કે દૂધનો રંગ સફેદ હોય છે. મારે એ સમજવું છે કે આ સફેદ રંગ કેવો હોય છે?' અંધ મનુષ્ય આવો પ્રશ્ન પૂછશે તે એમની કલ્પનામાં પણ નહોતું એટલે ક્ષણભર તો મુંઝાઈ ગયા. પછી કહે, 'સફેદ રંગ બગલાના રંગ જેવો હોય છે અથવા દીવાલ પર લગાડેલા ચૂના જેવો દૂધનો રંગ કહી શકાય. આશા રાખું કે તમને સફેદ રંગ કેવો હોય તે સમજાઈ ગયું હશે.'

અંધ મનુષ્યે નહોતો બગલો જોયો કે નહોતી દીવાલ જોઈ. એટલે તેણે બીજો પ્રશ્ન કર્યો : 'તે હેં મહારાજ, બગલો કેવો હોય?' સાધુએ જમણા હાથનો મરોડ કરી તેને બતાવ્યું કે બગલાનો આકાર કંઈક આવો હોય. અંધ મનુષ્યે પોતાનો હાથ ફેરવી બગલાના આકારને સ્પર્શથી પારખી લીધો. પછી કહે : 'હવે સમજ્યો. દૂધનો રંગ હાથના આવા સરસ મરોડ જેવો હોય, બરાબર ને?'

સાધુ મૂંઝાયા. તેઓ કહે : 'ના, ભાઈ ના. આ આકારને સફેદ રંગ સાથે કોઈ સંબંધ નથી.' એમણે મનોમન ઘણી મથામણ કરી, પણ સફેદ રંગ કેવો હોય તેની અંધજનને પ્રતીતિ કરાવી શક્યા નહીં. પછી અંધજનને આશ્વાસન આપતાં તેમણે કહ્યું : 'ગભરાઈશ નહીં. હું તારા પ્રશ્નનો ઉત્તર આપી શકતો નથી. પણ ભગવાન બુદ્ધ અનુભવી પુરુષ છે. તેઓ બે દિવસ પછી અહીં વિહાર કરવા આવશે. ત્યારે તું આવી જજે. તેમને તું આ પ્રશ્ન પૂછજે.'

બે દિવસ પછી ભગવાન બુદ્ધ ત્યાં પહોંચી ગયા. અંધજન એમના આગમનના સમાચાર મળતાં જ ત્યાં ગયો અને પ્રણામ કરી ઊભો રહ્યો. સાધુ ધર્મકીર્તિ ત્યાં હાજર હતા. તેઓ અંધજનને ભગવાન બુદ્ધ પાસે દોરી ગયા અને તેની મૂંઝવણની વાત કરી.

સૌને સંબોધીને બુદ્ધે પૂછ્યું : 'આ વિસ્તારમાં આંખના રોગનો જાણકાર કોઈ ઉત્તમ વૈદ્ય છે? ઉત્તર 'હા'માં મળતાં તેમણે ધર્મકીર્તિને અને ઉત્તર આપનારને કહ્યું કે આ અંધજનને એ નિષ્ણાત પાસે લઈ જાવ. અને એને દૃષ્ટિ પ્રાપ્ત થાય તેમ હોય તો પ્રયત્ન કરો. એની આંખો જોતાં લાગે છે કે એને એનું તેજ પાછું મળે. પછી અંધજનનો હાથ પકડી કહે, 'તારો પ્રશ્ન હું ભૂલી નહીં જાઉં. પ્રથમ આંખની સારવાર કરાવી લે. પછી ધર્મકીર્તિ તને મારી પાસે લઈ આવશે.

અંધજનની આંખોની સારવાર થઈ. એક આંખમાં દૃષ્ટિ પાછી આવી. તેઓ બુદ્ધ પાસે પહોંચ્યા.

ભગવાને તેને પૂછ્યું : 'તારી આંખોને કોઈ ફાયદો થયો?'



Scanned by CamScanner

'હા ભગવાન, હવે એક આંખે મને બધું દેખાય છે. તમારા આશીર્વાદથી મને દૃષ્ટિ મળી છે. હું રંક છું. આપે જે કૃપા કરી તેનો બદલો વાળી શકું તેમ નથી. હું અંતરથી તમને પ્રણામ કરું છું.'

બુદ્ધે કહ્યું : 'ભાઈ, આભાર તો વૈદ્યરાજનો માનવાનો હોય. મેં તો માત્ર આંગળી ચીંધ્યાનું કામ કર્યું છે. તને દૃષ્ટિ આપવામાં વૈદ્યરાજની કુશળતાએ ભાગ ભજવ્યો છે. એટલે વૈદ્યરાજનો જેટલો આભાર માને તેટલો ઓછો. હવે રહી તારા પ્રશ્નની વાત. તારે સફેદ રંગ કેવો હોય તે જાણવું હતું ને?'

અંધજન સત્વરે બોલી ઊઠ્યો : 'ભગવાન, મારી મૂંઝવણનો ઉકેલ આવી ગયો છે. દૂધ મેં જાતે જોઈ લીધું છે, સફેદ રંગ કેવો હોય તેનું મને ભાન થઈ ગયું છે.'

અંધજનને કાળા સિવાયનો કોઈ પણ રંગ કેવો હોઈ શકે તે તર્કથી સમજાવી શકાય નહીં. એમ મૂંગો મનુષ્ય કોઈ વસ્તુનો સ્વાદ શી રીતે વર્ણવી શકે? સ્વાદ અનુભવવાની વસ્તુ છે, માણવાની વસ્તુ છે, તેને તર્કથી સમજાવી શકાતો નથી. મનુષ્ય તર્કથી કાંઈ સિદ્ધ કરી શકતો નથી. કારણ કે તર્કથી જે સિદ્ધ કરી શકે તે તર્ક દ્વારા તોડી પણ શકાય છે. છેવટે હાથમાં કાંઈ આવતું નથી. ડૂંડામાંથી અનાજના કણ કાઢી લીધા પછી ડૂંસા ખાંડયા કરીએ તો શું હાથમાં આવે! હાથને કસરત મળે એ ખરું પણ ડૂંસા ડૂંસા જ રહે.

બ્રહ્મ સૂત્રકાર કહે છે : तर्कः अप्रतिष्ठानात्। તર્કમાં કોઈ નિશ્ચિત સ્થિતિ પ્રાપ્ત થતી નથી. એટલે પરમ જ્ઞાનીઓએ તર્કની પ્રતિષ્ઠા કરી નથી. તેનું કારણ શું? – પ્રથમ આપણે કોઈ વસ્તુ કે બાબત માની લઈએ છીએ, પછી એ માન્યતાને ગળે ઊતરાવવા તર્કનો આશ્રય લઈએ છીએ.

વાદ-વિવાદ બુદ્ધિનાં સંતાનો છે. કૂવામાં હોય તેથી વધુ હવાડામાં આવતું નથી. તેમ બુદ્ધિમાં સમાવિષ્ટ થયું હોય તેટલું જ મનુષ્ય વિચારી કે કલ્પી શકે છે.

અનુભવી પુરુષો લક્ષ્મીજીનો દાખલો આપે છે તે આ બાબતને પોષક નીવડે તેવો છે. સાગર-મંથનમાંથી લક્ષ્મીજી પ્રગટ થયાં હતાં એવું પુરાણે નોંધ્યું છે. લક્ષ્મીજીએ વરની પસંદગી કરવાની હતી. એમણે જોવાની શરૂઆત કરી. દુર્વાસા ઋષિ ભારે તપસ્વી પણ ક્રોધ જબરો. બૃહસ્પતિ વિદ્વાન ખરા પણ વિષયાનુરાગી. બ્રહ્મા કામવાસનાથી પરાજિત થયેલા, તો ઇન્દ્ર વગેરે દેવોની વાત કરવાનો અર્થ શો? શિવ કલ્યાણકારી ખરા પણ તેમનું રૂપ અમંગલ, શ્રીકૃષ્ણ કાળા, રામ શુષ્ક, જેનામાં શીલ અને સૌન્દર્ય હોય તે મૃત્યુને આધીન, જે તપસ્વી કે ત્યાગી હોય તેનામાં દયા ઓછી. લક્ષ્મીજીનો તર્ક કાર્યાન્વિત હતો ત્યાં સુધી તે પતિની પસંદગી ન કરી શક્યા. તો સામાન્ય મનુષ્યના તર્કનું ગજું શું?

એટલે મહર્ષિ નારદે કહ્યું કે વાદનો-તર્કનો આશ્રય લેવો બરાબર નથી. તો પછી કોનું અવલંબન લેવું? તો કહે પરમાત્માનું. આ પરમ શક્તિ પાસે સકલ તર્કોનું શમન થઈ જાય છે. બુદ્ધિના તમામ તરંગો એકદમ શાંત થઈ જાય ત્યારે જ ભાવજગતના દ્વારમાં પ્રવેશ થાય છે. બુદ્ધિના પ્રદેશમાં હોઈએ છીએ ત્યાં સુધી ગણતરી ચાલુ રહે છે. સમાજને લક્ષમાં રાખીને મોટા ભાગની ધાર્મિક કે સમાજ-સેવાની પ્રવૃત્તિઓ થતી રહે છે. સ્વાનુભૂતિથી કોઈ કાર્ય થતું નથી. ભક્તિને સ્વાનુભૂતિ સાથે સીધો સંબંધ છે. તર્કનું જ્યાં પૂર્ણવિરામ આવે છે ત્યાં ભક્તિનો ભાવપ્રદેશ શરૂ થઈ જાય છે.

ખરો ભક્ત કદી વાદવિવાદમાં ઊતરતો નથી. એને પોતાના આંતર જગતમાંથી એટલો આનંદ મળતો હોય છે કે બાહ્ય જગતની ભાંજગડ એને ગોઠતી નથી. પોતાથી કોઈ પરાજિત થાય એમાં પણ એને રસ પડતો નથી. ભક્તનો અહં ઓગળી ગયો હોય તો જ એ ભક્તિમાં તરબોળ બની શકે



Scanned by CamScanner

છે. ભગવદ્-રસ ચાખ્યા પછી એને અન્ય બાબતો શુષ્ક લાગે છે. પછી એના હૃદયમાંથી ભેદાભેદ ટળી જાય છે. તેને બધું પરમાત્મામય લાગવા માંડે છે.

ભક્તે કાર્તિકેયને બદલે ગણેશજીને અનુસરવા જેવું છે. કાર્તિકેય અને ગણેશ બંને શિવ-પાર્વતીના પુત્રો. બંનેમાં વિશેષ મહત્ત્વ કોને આપવું તે માટે કસોટી યોજાઈ. પૃથ્વીની પ્રદક્ષિણા કરીને જે પહેલો આવે તે પ્રથમ પૂજાય એવું નક્કી થયું. કાર્તિક સ્વામીનું વાહન પંખાળો મોર અને ગણપતિનું વાહન ઉંદર. ત્રીજી સિસોટી વાગી કે કાર્તિક સ્વામી સડસડાટ ઊપડ્યા. મોરને પણ થયું કે સ્વામી પ્રત્યેની વફાદારી બતાવવાની આ ઉત્તમ તક છે. એણે એની ગતિ વધારી દીધી. ગણપતિને થયું કે ક્યાં મોરની ગતિ ને ક્યાં ઉંદરની ગતિ. પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની ભાંજગડમાં પડવાની જરૂર નથી. માતાપિતામાં સમગ્ર પૃથ્વી આવી જાય છે. એટલે તેઓ માતાપિતાને પ્રદક્ષિણા કરી ફરી ચૂપચાપ બેસી ગયાં. કાર્તિક સ્વામી અવારનવાર પાછું વાળી જોતા કે ગણપતિ કેટલા પાછળ છે. અનેકવાર જોવા છતાં દેખાયા નહીં એટલે તેમની બુદ્ધિએ શંકા કરી. આગળ તો નહીં નીકળી ગયા હોય ને! પછી તેમણે જે કોઈ આકાશી દેવ મળે તેમને પૂછ્યું: 'ગણપતિના કાંઈ સમાચાર! દરેક વેળા એકનો એક ઉત્તર મળ્યો: થોડી વાર પહેલાં જ અહીંથી પસાર થયા.' પૃથ્વીની પ્રદક્ષિણા કરી તેઓ નિવાસસ્થાને પહોંચ્યા તો સાચે જ ગણપતિ માતાપિતા પાસે પલાંઠી વાળી નિરાંતે બેઠેલા.

બુદ્ધિ કાર્તિક સ્વામીને અનુસરે છે, હૃદય ગણપતિને. ભગવાનમાં પોતાની શ્રદ્ધા સ્થાપિત કરી ભક્ત પોતાના બધા આવેગોને શાંત કરી દે છે ને ભગવાન સિવાય અન્ય કોઈ અવલંબનની પળોજણમાં પડતો નથી. એટલે એ ગણપતિની જેમ પરમાત્મા પાસે નમ્ર ભાવે બેસી જાય છે. ભગવાન એને પહેલે નંબરે પાસ કરી દે છે.


**Manufacturer of**

# ELECTRICAL ACCESSORIES

# STANDARAD ELECTRICAL PRODUCTS

1, Sadhana Industrial Estate, S. V. Road, Oshiwada Bridge,
Jogeshwari (West), Bombay - 400 102

Gram : Seproswich Bombay 400 102 Phone : 573220


Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં

આરમા પ્રકરણમાં જે આલેખન છે તે આ પ્રમાણે છે. એકવીસમા લક્ષના મંત્રજપ ચાલુ હતા તે દરમ્યાન કરોડરજ્જુનો દુખાવો હજુ ચાલુ જ હતો. પીડા સહન ન થતાં થોડો આરામ કરીને પણ મંત્રજપ તો ચાલુ જ રાખ્યા. કઈ શક્તિ સહાય કરી રહી છે તે સમજાતું નહોતું. એક નવા જ ઉત્સાહનો સંચાર થતો અનુભવાતો. મંત્રજપ વેળા હનુમાનજી, મહાદેવજી, શ્રી સહજાનંદ સ્વામી તેમ જ મા ગાયત્રીનાં દર્શન થયાં. માએ હિંમત આપી ને રિપુઓનો, દુશ્મનોનો, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવી દુર્વૃત્તિઓ, દુર્બળતાઓનો નાશ કરવાનો આદેશ આપ્યો.

હવે આગળ શું થાય છે તે તેરમા પ્રકરણમાં વાંચીએ.

## ૧૩ : ત્રીજા લોચનનો ઉદ્ભવ

આવીસમા લક્ષના મંત્રજપ ચાલતા હતા. હવે મને શરીર અને મનથી ઘણું સારું લાગતું હતું. હું કોઈ અનેરા ઉત્સાહમાં આવી ગયો. ખૂબ આનંદ આવવા લાગ્યો. મા ગાયત્રીને પ્રશ્નો કરવાની મારી વૃત્તિ કાબૂમાં ન રહી. મેં પ્રશ્ન કર્યો, મા, રામ, લક્ષ્મણ વગેરે થઈ ગયા? તરત જ સફેદ ફૂલહારમાં રામ, લક્ષ્મણ અને સીતા નિહાળવા મળ્યા. બીજો પ્રશ્ન કર્યો, મા, મને પૈસાનું દુઃખ છે. આ વેળા માએ અંગુલિનિર્દેશ વડે ચૂપ રહેવા કહ્યું અને જણાવ્યું, તારું કાર્ય પૂરું થયું? પેલા રિપુનો ખ્યાલ રાખવા કહ્યું.

ત્યાર બાદ માતાજીએ આદેશ આપ્યો કે હવે તું મારા મુખ તરફ ધ્યાનથી મંત્રોચ્ચાર કર. મેં ના પાડી અને કહ્યું. મા, તમારા મુખ ઉપર મારાથી મંત્રોચ્ચાર ન થઈ શકે. તેમણે કહ્યું, 'તું ડરીશ નહિ. મારા મુખ ઉપર જ મંત્ર આપ.' છતાં મેં નાનો જ આગ્રહ રાખ્યો. ફરી માએ કહ્યું કે જો તું મારા જણાવ્યાનુસાર નહિ કરે તો અટવાઈ પડીશ. માટે તેમ કર. છેવટે મેં માના મુખ ઉપર મંત્રોચ્ચાર શરૂ કર્યા. ડર અને ભય લાગવાથી મેં મંત્ર બંધ કર્યા. ફરી માના મુખ સામે મંત્ર આપવા શરૂ કર્યા. થોડીવાર પછી મારું શરીર ઊંચે જતું હોય તેવું લાગ્યું. મારા કપાળમાં કોઈક ખીલી ભોંકી રહ્યું હોય તેવું બે–ત્રણ વાર લાગ્યું. કોણ જાણે કેમ પણ અચાનક હું જ્યોતિને શોધવા લાગ્યો. મને તરત ખ્યાલ આવ્યો કે જ્યોતિ બતાવવા માટે જ મા ગાયત્રી મુખ પર મંત્ર આપવા કહે છે. આ વેળાએ મને પૂ. શાસ્ત્રીજી પાસે જવાની અદમ્ય ઇચ્છા થઈ આવી. ફરી માએ કહ્યું, તું મારા મુખ ઉપર જ સતત મંત્રોચ્ચાર કર. પછી થોડી વારમાં માએ શાસ્ત્રીજી પાસે જવાની રજા આપી ને રિપુથી સાવધ રહેવા જણાવ્યું.

(અત્રે મા ગાયત્રી આદેશ આપે છે કે મુખ પર મંત્ર આપ. મુખ ઉપર મંત્ર આપવો એટલે શું? એવો પ્રશ્ન સ્વાભાવિક જ કોઈપણ જિજ્ઞાસુ સાધકને થાય. મંત્રજપ વેળાએ, મા ગાયત્રીના માત્ર મોંનું, એમના હોઠોનું જ ધ્યાન ધરીને, માના મોં અને હોઠો પર જ ધ્યાન કેન્દ્રિત કરીને મંત્રજપ કરવા, મંત્રોચ્ચાર કરવા. માના મોં, હોઠો સિવાય અન્ય કશા તરફ ધ્યાન કેન્દ્રિત ન થવા દેવું એને મુખ પર મંત્ર આપવાનું કહેવાય છે. મુખ ઉપર મંત્ર આપવાનો ઉદ્દેશ માત્ર એકાગ્રતા કેળવવાનો છે.)

પૂજ્ય શાસ્ત્રીજીની સૂચના અનુસાર ભ્રૂકુટિમાં ધ્યાન કેન્દ્રિત કરીને મંત્રોચ્ચાર કરવા લાગ્યો. થોડીવાર પછી મા તરફથી સૂચના મળી કે મહાદેવને જેમ ત્રીજું લોચન હોય તેવા લોચન વડે તારે હવે જોવાનું છે. મેં એ રીતે કપાળમાંથી જોવા પ્રયત્ન કર્યો. ધીમે ધીમે કપાળમાં કાપો ઊઠવા લાગ્યો. ચપ્પુ વડે



Scanned by CamScanner

કપાળમાં ઊભો ચીરો થતો હોય તેવું લાગ્યું. કપાળમાં આંખ ખૂલવા લાગી. મને ઘણું આશ્ચર્ય થયું. આંખ વડે દેખાવા લાગ્યું. પછી માએ મને ગાયત્રી મંત્રનો અર્થ બતાવ્યો.

કપાળની આંખમાંથી મને વાદળી રંગ દેખાવા લાગ્યો. ધીમે ધીમે ઝાંખી અને પીળા રંગની જ્યોત દેખાવા લાગી. માએ કહ્યું કે આ જ્યોતમાં હું છું. તેમાં તું મને જો. જ્યોતને વધુ સમય જોવાથી માથું. ગરમ થઈ જાય છે, જેનાથી ઘણીવાર મનુષ્ય માનસિક સમતુલા ગુમાવે છે. પાંચ મિનિટથી વધુ જોઈશ નહિ, માથું ગરમ થવા લાગે તો તરત જ ઊઠી જજે. શરીરના સ્નાયુઓ કે આંખ ખેંચીશ નહિ. જ્યોત ધીમે ધીમે નાની થશે, છેલ્લે પ્રકાશિત થશે, તેમાં તું મને જોઈ શકીશ. હવે જે મન વડે તું શરીરમાં ગયો હતો તે મન વડે બહાર આવ. હું દ્વિધામાં પડયો. કેવી રીતે જવાતું હશે! ઘંટારવ સંભળાવા લાગ્યો. આવ, હું તને કાળજ્ઞાન આપીશ. મને કાંઈ સમજ નહિ પડી. મન વડે બહાર ગયો પણ ડરનો માર્યો ઝડપથી પાછો આવતો રહ્યો. માએ મને હાથના ભાવથી દૂરથી બોલાવ્યો. હિંમતપૂર્વક ગયો; ત્યાં બ્રહ્માંડ નિરખ્યું. નિરવ શાંતિ હતી. અસંખ્ય ઝગમગાટ કરતા તારાઓ વચ્ચે ભવ્ય ગ્રહો વિહરતા હતા. ગ્રહો ગતિ કરતા હતા. આ દરેક ગ્રહ ઉપર માએ મને ફેરવ્યો. દરેક ગ્રહની વિશિષ્ટતા, વિલક્ષણતા ને શક્તિ સમજાવ્યાં. આ ગ્રહો મનુષ્યના સુખ-દુઃખ સાથે જડાયેલા હોય છે. મનુષ્ય સુખમાં હોય ત્યારે સુખના ગ્રહો તેની નજીક હોય છે, દુઃખમાં હોય તો જે તે ગ્રહો તેની નજીક હોય છે. દરેક ગ્રહમાં એક એક દેવ હોય છે. દુઃખમાં જે તે દેવોની ઉપાસના કરવાથી તે શાંત પડે છે. વળી એક ગ્રહ એવો છે જ્યાં જીવ છે, જે મનુષ્યથી ઘણો આગળ છે, જે વિશે તને આગળ-ઉપર સમજાશે.

એક પ્રકાશના સૂર્યનું દર્શન કરાવીને જણાવ્યું કે આ શક્તિ વડે જગતના જીવોને હું શક્તિ પ્રદાન કરું છું, જેના વડે તારે પોતે જ્ઞાન ગ્રહણ કરવાનું છે. તે આ પ્રાણ છે, આત્મા છે, આ જ શક્તિ વડે હું જન્મદાત્રીના ગર્ભમાં જીવ અર્પું છું, જેને લાખો વૈજ્ઞાનિકો પાકશે છતાં ઓળખી શકશે નહિ.

હવે મેં જે આયુધો ગ્રહણ કર્યાં છે તે સમજી લે. માએ ગ્રહણ કરેલ દરેક શસ્ત્રની શક્તિ સમજાવી. કયારે કોના ઉપર કેવી રીતે ઉપયોગ થાય છે તે સમજાવ્યું. આ આયુધોનો ઉપયોગ સ્વભાવમાં જ હોય છે. એ શીખવા જવું પડતું નથી. ઉપાસક પાસે કે પૃથ્વી પર કેવી રીતે અવતરે છે તે બતાવ્યું.

ગાયત્રી મંત્રની કે અન્ય કોઈપણ વર્ષોપર્યન્તની તપશ્ચર્યા બાદ માનવજીવન ઉન્નતિને પંથે પ્રયાણ કરે છે. શરીર અને મનની સાથે આત્મિક વિકાસ ખીલવા માંડે છે. અધ્યાત્મમાં તન્મય થવા માંડે છે. અધ્યાત્મ સાથે સુપેરે તદ્રુપતા સાધી શકે છે. કંઈક વિલક્ષણ ને વિશિષ્ટ એવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એને ત્રીજું લોચન પ્રાપ્ત થાય છે. એક અલૌકિક એવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. જેને આ દિવ્યચક્ષુ, મનશ્ચક્ષુને નામે ઓળખી શકાય. આ દિવ્યચક્ષુ-મનશ્ચક્ષુ વડે માનવી પારલૌકિક દર્શન કરી શકે છે. સ્થૂળ દૃષ્ટિને પેલે પાર કશાક સૂક્ષ્મને વિલોકી શકે છે. એનું ચિન્તન-મનન કરી શકે છે. કોઈપણ પરિસ્થિતિ પ્રત્યે એને ચોક્કસ પ્રકારનું ભાન-જ્ઞાન થાય છે. એ અંગેનાં સૂચનો-સંકેતો પ્રાપ્ત થતાં રહે છે. ઈહલૌકિક કે પારલૌકિક કોઈપણ પ્રશ્ન પરત્વે એને આપોઆપ સ્ફુરણા જાગે છે. એની મૂંઝવણો દૂર થાય છે. જીવન સુપેરે ગતિ કરી શકે છે. મા ગાયત્રી-પ્રભુ તરફથી એના સાધકને મળેલી આ અમૂલ્ય ને વિલક્ષણ એવી પ્રસાદી છે એટલું જ નહિ, સાધકની શ્રદ્ધાની ને નિષ્ઠાની એ દ્યોતક છે. ગાયત્રી-મંત્રની-પરમતત્ત્વની આરાધનાનું એ સુનિશ્ચિત ફળ છે.

પ્રસ્તુત પ્રકરણમાં આ મનશ્ચક્ષુ-દિવ્યચક્ષુની વાત છે. મા ગાયત્રી પુરશ્ચરણના આ આરાધકને 'ત્રીજા લોચન'ની પ્રસાદી આપે છે ને એ દ્વારા જોવાનો આદેશ આપે છે.

કપાળમાં બે ભ્રૂકુટિ વચ્ચે આ ત્રીજા લોચનનો પ્રાદુર્ભાવ થાય છે. □

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવનો અમેરિકાનો કાર્યયજ્ઞ

મા ગાયત્રીની કૃપા અને સતત સાન્નિધ્યથી પૂજ્યશ્રી અમેરિકાનો કાર્યયજ્ઞ સફળતાથી પૂર્ણ કરી તા. ૨૦-૬-'૮૫ના રોજ અમદાવાદ પરત પધાર્યા છે.

સતત ત્રીજી વખતના આ કાર્યયજ્ઞમાં એશિયન્સ અને અમેરિકન ઘણાં ભાઈબેનોએ પૂજ્યશ્રીની વિશિષ્ટ સેવાઓનો લાભ લઈ, આધિ-વ્યાધિ-ઉપાધિમાં રાહત અનુભવી હતી. ન્યૂયૉર્ક, ન્યુજર્સી, સ્પ્રીંગ સીટી (પેન્સીલવેનીયા), શીકાગો, લોસએન્જેલીસ, સાનડીયાગો, સાનજોઝે, શેલ્બીવીલ (ટેનીસી), હેમીલ્ટન (અલાબામા), સ્ટોનમાઉન્ટેન (આટલાન્ટા) વિગેરે શહેરોમાં કાર્યયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ બે હજાર માણસોએ પૂજ્યશ્રીની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવ્યું હતું. વ્યક્તિગત મુલાકાત ઉપરાંત શિકાગોમાં સહજ ધ્યાનનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો.

પૂજ્યશ્રીના માર્ગદર્શન અને આદેશોનું પાલન કરવાથી ઘણાં ભાઈબેનોએ તેમના પ્રશ્નોમાં સુખદ પરિણામો મેળવ્યાં છે જેમાંનાં થોડાંક પ્રોત્સાહન અને શ્રદ્ધાની પૂર્તિ અર્થે અત્રે રજૂ કરું છું :

(૧) સાનજોઝેમાં એક અમેરિકન દંપતીને ૮ વર્ષના લગ્નજીવનમાં સંતાનપ્રાપ્તિ થઈ ન હતી. વૈજ્ઞાનિક ઈલાજો ઘણા કરવામાં આવ્યા હતા. પરંતુ પરિણામ શૂન્ય હતું. ગયા વર્ષે એક ઈન્ડિયન બહેન પૂજ્યશ્રીની મુલાકાત લઈ ગાયત્રી મંત્રજાપ અને અન્ય સૂચનો મેળવી તેનું નિયમિત આચરણ કરવાથી આ વર્ષે તેઓને ૩ મહિનાની બાળકી છે. ઉભય પતિપત્ની અનન્ય શ્રદ્ધા ધરાવે છે અને અહોભાગ્યની લાગણી અનુભવે છે.

(૨) આ વર્ષે આઠથી દસ દંપતીને દસબાર વર્ષથી લગ્નજીવનમાં સંતાનની ખોટ હતી. તેઓએ ગયા વર્ષે પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ અને માર્ગદર્શન અનુસાર મંત્રજાપ અને અન્ય સૂચનોનું પાલન કરવાથી આ વર્ષે અતિ તેજસ્વી તંદુરસ્ત બાળકોની પ્રાપ્તિ થઈ હતી.

(૩) ન્યુજર્સીમાં એક નીગ્રોબહેન તેમના શારીરિક, સામાજિક અને આર્થિક પ્રશ્નોના સુલઝાવ માટે પૂજ્ય ગુરુદેવના સંપર્કમાં ૧૯૮૨ની સાલથી છે. દર વર્ષે તેમના ઈન્ડિયન મિત્ર-સહકાર્યકર દ્વારા પૂજ્ય ગુરુદેવના પ્રોગ્રામની માહિતી મેળવી લે છે. તેઓ નિયમિત મંત્રજાપ કરે છે અને અન્ય સૂચનોનું ચુસ્તપણે પાલન કરે છે.

ગાયત્રી મંત્રજાપથી તેમના વ્યક્તિત્વમાં નોંધપાત્ર સુધારો થયેલો દેખાય છે. શરીરનો વાન ઉજળો થતો જાય છે. તેઓની શારીરિક તકલીફ દૂર થઈ ગઈ છે. કુટુંબમાં શાંતિનું વાતાવરણ થયુ છે. સામાજિક પ્રશ્નો ઘણા હલ થઈ ગયા છે. તેમના પતિની તબિયત અને દારૂની કુટેવ માટે જીવનજળ વિગેરે ચાલતું હતું. દારૂ પીવાની આદત ઓછી થઈ ગઈ છે. તબિયતમાં સુધારો વર્તાય છે.

(૪) પેન્સીલવેનિયામાં એક ગુજરાતી બેનની ૧૨ વર્ષની દીકરી જન્મથી જ માનસિક બિમારીની ભોગ બની હતી. પૂજ્યશ્રીના માર્ગદર્શન અને મંત્રજાપથી તેણીની સમજશક્તિ અને વર્તનમાં નોંધપાત્ર સુધારો વર્તાય છે. તેણીનાં માતાપિતા લાગણીશીલ બની ગુરુદેવનો આભાર માની આશીર્વાદ માંગતાં હતાં.

(૫) સાનજોઝેમાં એક બેનને ગયા વર્ષે અભિમંત્રિત કરાવેલ જીવનજળમાં કેસરની સુવાસ અને સ્વાદ આવતો હતો.

(૬) શીકાગોમાં ધ્યાનના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતું. ઘણાં ભાઈબેનોને સારા અનુભવો થયા હતા.

(૭) પૂજ્યશ્રીના વ્યક્તિગત મુલાકાતના કાર્યયજ્ઞથી ઘણાંના મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ થઈ ગયું છે અને જીવન શાંતિમય ગતિ કરતું થયું છે.



Scanned by CamScanner

જ્ઞાનગોષ્ઠિના પ્રોગ્રામમાં પૂજ્યશ્રીએ સંક્ષિપ્તમાં અતિ માર્મિક પરંતુ સરળ ઉપાસનાનું રહસ્ય બતાવ્યું અને આદેશ આપ્યો કે —

— દરેક ઘરને મંદિર બનાવો.

— કુટુંબના સભ્યો સાથે દરરોજ ૧૦–૧૫ મિનિટ સત્સંગમાં ગાળો.

— સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો. □

---

## પૂજ્ય ગુરુદેવનો કાર્યયજ્ઞ ઇંગ્લેન્ડમાં...

**તા. ૨૦-૭-'૮૫ થી** તા. ૧૦-૮-'૮૫ સુધી પૂજ્ય ગુરુદેવના ઇંગ્લેન્ડના કાર્યયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી અમદાવાદમાં પૂજ્યશ્રી મળી શકશે નહિ. તા. ૧૨–૮–'૮૫થી પૂજ્ય ગુરુદેવ 'નીલોષા' પર રાબેતા મુજબ મળશે.

તા. ૨૦–૭–૮૫ શનિવારે સાંજે અમદાવાદથી મુંબઈ

તા. ૨૧–૭–૮૫ રવિવાર ૧૧ થી ૭ સુધી મુંબઈ (ચર્ચગેટ)માં પ્રોગ્રામ.
વિજયભાઈ કંટોલ — ૨૨૨૩૫૪, ૨૨૨૧૯૫ ફોન નંબર

તા. ૨૨-૭-૮૫ સોમવાર સવારે મુંબઈથી લંડન

તા. ૨૬–૭–૮૫ થી
તા. ૨૭–૭–૮૫ } શુક્રવારથી શનિવાર ૧૧ થી ૭ લંડન પ્રોગ્રામ ફોન 01-902-3029
અમૃતભાઈ પોપટ, વેમ્બલી

તા. ૨૮–૭–૮૫ રવિવાર ૧૦ થી ૬ સુધી અમૃતભાઈ પોપટ, વેમ્બલી
પૂ ગુરુદેવના સાન્નિધ્યમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન

તા. ૧–૮–૮૫ થી
તા. ૩–૮–૮૫ } રવિવારથી મંગળવાર ૪ થી ૭ લેસ્ટર, ઋષિમેડ લેન્ગ્વેજ સેન્ટર,
પ્રદીપ વડેરા — ફોન 0533-354-611
વિજય સામાણી—ફોન 0533-367-830

તા. ૪–૮–૮૫ થી
તા. ૬–૮–૮૫ } રવિવારથી મંગળવાર ૧૨ થી ૬ બર્મિંગહામ કોમ્યુનીટી સેન્ટર
હસમુખ વ્યાસ—ફોન નં. 021-558-2289

તા. ૯–૮–૮૫ શુક્રવાર સાંજે લંડનથી મુંબઈ

તા. ૧૦–૮–૮૫ શનિવાર સાંજે મુંબઈથી અમદાવાદ.

---

પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

**આરતી ટ્રેડર્સ**


જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫



Scanned by CamScanner



પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : '**નીલોપા**' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

સમય : **બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦** (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner